ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-06

# ભારતનો ઈતિહાસ

(ઈ.સ. ૧૮મી સદીના મધ્ય ભાગથી
૧૯મી સદીના મધ્ય ભાગ સુધી)

(મુખ્ય વિષય)

વિભાગ

# 6

## લોક-આંદોલનો અને બળવાઓ
## (Popular Revolts and Uprisings)

એકમ : 29

ખેડૂત અને આદિવાસી બળવાઓ (Peasant and Tribal Uprisings) 7

એકમ : 30

1857નો બળવો – કારણો અને સ્વરૂપ (Revolts of 1857 – Causes and Nature) 19

એકમ : 31

1857નો બળવો – વ્યાપ અને પરિણામો
(Revolts of 1857 – Course and Aftermath) 29

આ બ્લૉકને લગતાં ઉપયોગી પુસ્તકો (Some Useful Books For This Block) 36

## Expert Committee


Prof. K. N. Panikkar (*Chairman*)
Prof. B. D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A. J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anuradha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University,
Delhi

Dr. Alok Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Prof. Kapil Kumar (*Convenor*)

Dr. A. K. Khan
IGNOU, New Delhi


## Course Team


Mr. Salil Misra
Mrs. Indira Sharma
Mr. Ajay Mahukar } Course Co-ordinators
Mr. Swaraj Basu


## Block Preparation Team

| Unit No. | Contributors | Faculty Members IGNOU |
|---|---|---|
| 29 | Mr. Swaraj Basu<br>Mr. Ajay Mahukar<br>School of Social Sciences<br>IGNOU | Mr. Salil Misra |
| 30 and 31 | Dr. Papiya Ghosh<br>Women's Collge<br>Patna University<br>Patna | Mr. Swaraj Basu |


**Course Edutor :**
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawarharlal Nehru University
New Delhi


## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

March, 1992 (Reprint)


© *Indira Gandhi National Open University, 1991*


ISBN 81-7091-903-7


*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવે છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

| | |
|---|---|
| પ્રો. અંજના બી. શાહ | 10, પૂજા એપાર્ટમેન્ટ,<br>બીજે માળે,<br>ધૂમકેતુ માર્ગ,<br>અમદાવાદ. |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. કે. સી. બારોટ | પ્રાધ્યાપક,<br>એલ. ડી. આર્ટ્સ કૉલેજ<br>અમદાવાદ-380 009 |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. એમ. એસ. પઢિયાર | પ્રાધ્યાપક,<br>એલ. ડી. આર્ટ્સ કૉલેજ<br>અમદાવાદ-380 009 |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. પી. કે. મહેતા | નિયામક,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ-380 003 |

## સંયોજન સહાય :

| | |
|---|---|
| શ્રી એસ. એચ. બારોટ | મદદનીશ કુલસચિવ |
| શ્રી ડી. આઈ. શાસ્ત્રી | કાર્યાલય અધીક્ષક<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ-380 003 |

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481
© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ : 6 લોક-આંદોલનો અને બળવાઓ

આ વિભાગનો મુખ્ય આશય શરૂઆતના સાંસ્થાનિક રાજ્ય સામે થયેલાં પ્રતિકારાત્મક આંદોલનોનું નિરૂપણ કરવાનો છે. 19મી સદી દરમિયાન અંગ્રેજ સરકારના અન્યાયો સામે ભારતમાં વિવિધ પ્રકારના બળવાઓ થયા, જેમાંથી તારણ કાઢીને કેટલાક એવા પ્રકારનાં આંદોલનો તારવવામાં આવ્યાં છે કે જેમાં ખેડૂતોની સામેલગીરી છતાં તેને ખેડૂત આંદોલનો કહી શકાય નહીં. જ્યારે કેટલાંક એવાં આંદોલનો અલગ પાડવામાં આવ્યાં છે કે જે લક્ષણમાં શહેરી કહી શકાય. એકમ 29માં તમે આવા પ્રકારના બળવાઓનો અભ્યાસ કરશો, જેની શરૂઆત ખેડૂત આંદોલનો તેમજ આદિવાસી આંદોલનોથી કરવામાં આવી છે.

19મી સદી દરમિયાન અંગ્રેજ શાસન સામે થયેલા અમુક બળવાઓમાં ખેડૂતોએ ભાગ લીધો હતો, તેમ છતાં તેમનું નેતૃત્વ અને તેમને અપાયેલ માર્ગદર્શન જોતાં એમ કહી શકાય કે પહેલાના જમીનદારો તેમજ શોષણખોર વર્ગોએ પોતાનાં હિતોની જાળવણી ખાતર તેમજ પોતાના વિશિષ્ટ અધિકારો પરત મેળવવા માટે આવા બળવાઓ મારફત પ્રયાસ કર્યો હતો. એ રીતે જોતાં આમાં ખેડૂત વર્ગે ભાગ ભજવ્યો હતો છતાં તે ખેડૂત આંદોલનો બની શક્યાં નહીં. 1801-05માં કર્ણાટક રાજ્યમાં થયેલો પોલીગરનો બળવો અથવા તો 1800-12નો બુંદેલખંડના સામંતોનો બળવો આનાં ઉદાહરણ કહી શકાય.

19મી સદી દરમિયાન લક્ષણમાં શહેરી કહી શકાય તેવાં કેટલાંક આંદોલનો થયાં, જેમાં 1810માં બનારસમાં બ્રિટિશ સરકારે ઘરવેરો લાદતા થયેલ બળવો, સુરતમાં 1814માં મીઠાવેરા સામે થયેલાં તોફાનો, બરેલીમાં 1816માં મ્યુનિસિપલ વેરા સામે થયેલ બંડ વગેરે તેનાં ઉદાહરણ કહી શકાય. આ આંદોલનોમાં કારીગર વર્ગ, નાના દુકાનદારો, શહેરના ગરીબો વગેરે નીચલા થરના લોકો પણ સામેલ થયા હતા. જોકે લાંબો સમય ચાલેલાં ખેડૂત આંદોલનો જેવાં કે બંગાળમાં થયેલ ફરૈઝી આંદોલન (1838-51), કેરાલા રાજ્યમાં થયેલ મોપલા આંદોલન (1836-54) અને આદિવાસી આંદોલનો જેવાં કે ભીલ બળવો (1818-31) અને સાંથાલ બળવો (1855-56) વગેરેની સરખામણીમાં તેમનું મહત્ત્વ નહિવત્ ગણાય.

નીચેના વિભાગમાં અપાયેલી વિગતો પરથી તમે સમજી શકશો કે આમાંના મોટા ભાગનાં આંદોલનોને માનવસહજ બંધનો, ધાર્મિક લાગણીઓ, તારણદારની ભાવનાવાળું નેતૃત્વ અને તેમણે જોયેલી ભૂતકાળના આદર્શ રાજ્યની પુનઃસ્થાપનાની મહેચ્છા દ્વારા બળ મળતું હતું. હાલમાં ઇતિહાસના નવા પ્રવાહોના સંદર્ભમાં 'નીચલા થરના લોકોનો ઇતિહાસ' એ વિષય પર અભ્યાસ કરતા ઇતિહાસકારો ખેડૂતો અને આદિવાસીઓની સભાનતાના આમાંના મોટા ભાગનાં તત્ત્વોને ઝીણવટપૂર્વક તપાસી રહ્યા છે. એ દૃષ્ટિએ બ્રિટિશ શાસન સામે થયેલાં આંદોલનોમાં કચડાયેલા વર્ગના પ્રથમ વિરોધની અભિવ્યક્તિ ખૂબ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

જોકે આ આંદોલનો વિશેષતઃ સ્થાનિક, મર્યાદિત અને એકાંકી હતાં તે દર્શાવવાનો આ એકમનો મુખ્ય આશય છે. 1857ના બળવામાં સૌપ્રથમવાર કેટલીક વિશિષ્ટતાઓ જોવા મળે છે. અગાઉના બળવાઓની જેમ ખેડૂતો દ્વારા તેને જોમ મળતું હોવા છતાં આ બળવામાં વિશાળ પાયા પર વિવિધ સામાજિક વર્ગોએ સામૂહિક રીતે ભાગ લીધો, જેથી લોકો એકબીજાની વધુ નજીક આવ્યા અને માનવીય અને ધાર્મિક સીમાડાઓથી પર બન્યા. એકમ 30 અને એકમ 31માં 1857ના બળવાનું મૂળ અને તેની લાક્ષણિકતાઓનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે. અહીં 18મી સદીના ઉત્તરાર્ધમાં થયેલાં વિખ્યાત આંદોલનોમાં 1857ના સશસ્ત્ર બળવાનું મૂળ શોધી કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# એકમ : 29 ખેડૂત અને આદિવાસી બળવાઓ (Peasant and Tribal Uprisings)

**રૂપરેખા**

29.0 હેતુઓ અને પ્રસ્તાવના
29.1 ખેડૂત અને આદિવાસી બળવાઓ, ઉદ્ભવ
29.2 કેટલાક મહત્ત્વના બળવાઓ
29.2.1 સંન્યાસી બળવો, 1763-1800
29.2.2 રંગપુરના ખેડૂતોનો બળવો, બંગાળ (1783)
29.2.3 ભીલોનું બંડ 1818-31
29.2.4 મૈસૂરનો બળવો 1830-32
29.2.5 કોલનું બંડ 1831-1832
29.2.6 ફરૈઝી આંદોલન 1838-51
29.2.7 મોપલા બંડ 1836-54
29.2.8 સંથાલોનું બંડ, 1855-56
29.3 1857ના બળવા પહેલાનાં આંદોલનોનું સ્વરૂપ
29.3.1 નેતૃત્વ
29.3.2 આંદોલનોમાં સામેલગીરી અને તેમનો વ્યાપ
29.4 સારાંશ
29.5 ‘ ચકાસો’ના જવાબો
29.6 ચાવીરૂપ શબ્દો

## 29.0 હેતુઓ અને પ્રસ્તાવના :

આગળના વિભાગોમાં તમે ભારતમાં સાંસ્થાનિક રાજ્યની સ્થાપના વિશેની જાણકારી મેળવી. તેમજ તેમના આગમનથી ભારતમાં વિવિધ ક્ષેત્રો જેવાં કે આર્થિક, કાયદાવિષયક, વહીવટી તેમજ અન્ય ક્ષેત્રોમાં થયેલાં સર્વાંગી પરિવર્તનનો પણ અભ્યાસ કર્યો. આ પરિવર્તને ભારતીય સમાજ પર ઊંડી અસર કરી, જેના પ્રત્યાઘાત રૂપે 1857નો વિપ્લવ, છૂટાછવાયાં બંડો અથવા તો કુદરતી રીતે જ પરિસ્થિતિજન્ય વિરોધી આંદોલનો ઉદભવ્યાં.

આ એકમમાં 1857ના વિપ્લવ સુધીમાં 18 અને 19મી સદી દરમિયાન ખેડૂતો અને આદિવાસીઓમાંના વિદેશી શાસન સામે ફેલાયેલા અસંતોષ અને તેમાંથી ઉદભવેલા સશસ્ત્ર બળવાઓનું આલેખન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ એકમમાં આવાં કેટલાંક મહત્ત્વનાં ખેડૂત અને આદિવાસી આંદોલનોની ચર્ચા કરવામાં આવી છે.

## 29.1 ખેડૂત અને આદિવાસી બળવાઓ : ઉદ્ભવ (Peasant and Tribal Uprisings : Origins)

ભારતમાં વિદેશી સંસ્થાનોની સ્થાપના થઈ તે પૂર્વે પણ મુઘલ શાસનકાળ દરમિયાન શાસકોના તેમજ અધિકારીઓના અન્યાયો સામેના લોકોના વિદ્રોહો સામાન્ય હતા, જ્યારે રાજ્ય દ્વારા ખેડૂતો પર ભારે જમીન-મહેસૂલ લાદવામાં આવે, મહેસૂલ ઉઘરાવનાર અધિકારીઓ અપ્રામાણિકતા દાખવે તેમજ મહેસૂલ ઉઘરાવવામાં અધિકારીઓ સખતાઈ દાખવે ત્યારે ખેડૂતોમાં ઊભો થયેલો અસંતોષ તેમને બળવો કરવા પ્રેરતા. 17મી અને 18મી સદી દરમિયાન શાસક વર્ગના આવા અન્યાયો સામે ખેડૂતોનાં નાનાં-મોટાં અનેક વિરોધ આંદોલનો થયાં. તેમ છતાં ભારતમાં વિદેશી સાંસ્થાનિક રાજ્યની સ્થાપના થતા તેણે પોતાના હિતમાં અમલમાં મૂકેલી પદ્ધતિઓએ ભારતના ખેડૂતો તેમજ આદિવાસીઓ પર ઘેરી અસર કરી. બ્રિટિશ શાસકોએ પોતાની આર્થિક નીતિ ભારતના હિતને લક્ષમાં રાખીને નહીં પણ તેમનાં વ્યક્તિગત હિતો, ઈસ્ટ ઇન્ડિયા કંપનીની અનુકૂળતા તેમજ પોતાના દેશવાસીઓનાં હિતોને લક્ષમાં

રાખીને ઘડી હતી. આપણે વિભાગ 4માં બ્રિટિશરો ભારતીય અર્થકારણમાં પોતાને લાભદાયી પરિવર્તનો કેવી રીતે લાવ્યાં તેની વિગતવાર ચર્ચા કરી છે. આ ગાળા દરમિયાન ભારતીય અર્થકારણમાં આવેલા કેટલાક નોંધનીય ફેરફારો નીચે મુજબ હતા :

(1) ભારતનાં બજારોમાં ઇંગ્લૅન્ડનાં યંત્રો અને કારખાનાંઓમાં તૈયાર થયેલા માલની સતત આયાતે ભારતીય ગૃહઉદ્યોગો અને હસ્તઉદ્યોગોનો નાશ કર્યો. દેખીતી રીતે જ યંત્રો દ્વારા ઝડપી અને મોટી સંખ્યામાં બનેલા સસ્તા માલ સામે ગૃહઉદ્યોગો દ્વારા ઉત્પન્ન થયેલ માલ ટકી શક્યો નહીં.

(2) હિંદનું ધન ઇંગ્લૅન્ડમાં વ્યવસ્થિત રીતે અને અનેક માર્ગોએ ઠલવાતું હતું, જેને દ્રવ્ય-અપહરણનો સિદ્ધાંત કહેવામાં આવે છે. હિંદના દાદાભાઈ નવરોજીએ તેને હિંદના 'ધનનું લોહિયાળ રીતે અપહરણ' કહ્યું હતું.

(3) અંગ્રેજ સરકારની જમીન-મહેસૂલને લગતી પદ્ધતિઓ, નવા કરવેરાનું અતિશય ભારણ, મહેસૂલ ન ભરી શકાતાં જમીનો વેચી નાખવાની ખેડૂતોને પડેલી ફરજ અને આદિવાસીઓની જમીનો પર બળજબરીથી અધિકાર વગેરે પણ નોંધનીય ફેરફારો હતા.

(4) વળી, સરકારી નીતિ દ્વારા ગ્રામીણ સમાજના ભારે આર્થિક શોષણની સાથે મહેસૂલ ઉઘરાવનાર વચલો અધિકારી વર્ગ અને વ્યાજખાઉ શાહુકાર વર્ગ પણ અસ્તિત્વમાં આવ્યો. આથી શોષિત વર્ગ-ગણોતિયા (ખેતમજૂરો)ની સંખ્યામાં ભારે વધારો થયો.

(5) જેમજેમ આદિવાસીઓના પ્રદેશોમાં મહેસૂલી વહીવટનો વ્યાપ વધતો ગયો તેમતેમ આદિવાસી લોકો ખેતી તેમજ જંગલની જમીનો પરનું વર્ચસ્વ ગુમાવતા ગયા.

બ્રિટિશ શાસનની નવી વહીવટી અને મહેસૂલી પદ્ધતિથી જે મૂળભૂત વ્યવસ્થા તૂટી પડી અને કેટલાક નવા ફેરફારો થયા તેની ખેડૂતો તેમજ આદિવાસી વર્ગ પર વિપરીત અસર પડી. બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની તેમજ તેના અધિકારીઓ દ્વારા ખેડૂતોની જમીન પચાવી પાડવામાં આવતા તેઓ ખેતમજૂરો બન્યા અને વધતા જતા ભારે મહેસૂલબોજને કારણે તેઓ સંપૂર્ણ રીતે બ્રિટિશ અધિકારીઓ, મહેસૂલ ઉઘરાવનાર મધ્યસ્થીઓ, વેપારીઓ તેમજ શાહુકારોની દયા પર આધાર રાખતા થયા. વળી, અંગ્રેજ સરકારે અંગ્રેજ વેપારીઓ અને ઉદ્યોગપતિઓને અનુકૂળ આવે તેવી આયાતજકાત નીતિ અપનાવતા ગૃહઉદ્યોગોનો નાશ થયો, જેથી તેના પર નભતો વર્ગ મોટા પાયા પર ખેતી તરફ વળ્યો. એટલે ખેતી પરનું ભારણ વધી ગયું. પણ સરકારની ખેતીવિષયક અને મહેસૂલી નીતિમાં ખાસ કોઈ પરિવર્તન આવ્યું નહીં, જેથી ભારતમાં ખેતીના ક્ષેત્રે સુધારાની તક નહિવત્ હતી.

અંગ્રેજોની આર્થિક શોષણખોર નીતિ ગૃહઉદ્યોગોના નાશ, ભારે કરવેરા, દ્રવ્યોપકરણની નીતિ અને પછાત આર્થિક માળખાએ ખેતીવાડી ક્ષેત્રે ભારતનો વિકાસ રૂંધી દીધો અને ભારતના ખેડૂતોને ગરીબાઈ અને દરિદ્રતાની ગર્તામાં ધકેલી દીધા. તેમની ગરીબી માનવસર્જિત હતી, કુદરતી ન હતી. ભારતમાંના વિદેશી શાસન અને શોષણ સમૃદ્ધ ભારત અને તેના ગરીબ લોકોનું વિરોધાભાસી ચિત્ર રજૂ કર્યું.

ખેડૂતવર્ગની દાદ-ફરિયાદ અંગ્રેજ વહીવટીતંત્રના બહેરા કાને અથડાઈને પાછી ફરતી હતી, જ્યારે બીજી બાજુ અંગ્રેજોની નવી ન્યાયપદ્ધતિ ખેડૂતોને મદદ કરવાને બદલે શરાફોને મદદ કરતી હતી. તે સરકારને અને તેના સહાયકો જેવા કે જમીનદારો, વેપારીઓ અને શરાફોને મદદ કરતી હતી. ભણેલા અને ચતુર શરાફો ગરીબ ખેડૂતોની નિરક્ષરતાનો લાભ લઈને કાયદાની ગૂંચવણભરી પદ્ધતિને વિકૃત સ્વરૂપ આપીને પોતાની તરફેણમાં ન્યાય મેળવતા. આમ, સાંસ્થાનિક શોષણનો ભોગ બનેલા અને સાંસ્થાનિક વહીવટીતંત્રના ન્યાયથી વંચિત રહેલા ખેડૂતોને પોતાના સ્વરક્ષણ માટે શસ્ત્રો ઉપાડવાની ફરજ પડી. આદિવાસીઓની ફરિયાદો પણ લગભગ ખેડૂતોની ફરિયાદો જેવી હતી. આદિવાસી પ્રદેશોમાં વિદેશીઓની ઘૂષણખોરીએ આદિવાસી સમાજની લાગણીઓ દૂભવી. તેથી તેઓએ પણ અંગ્રેજ સરકાર સામે વિદ્રોહ કર્યો.

## 29.2 કેટલાક મહત્ત્વના બળવાઓ : (Some Important Uprisings)

આમ, અંગ્રેજોએ ભારતમાં જુદાંજુદાં ક્ષેત્રે ત્રાસનું સામ્રાજ્ય ફેલાવ્યું, જેને પરિણામે આદિવાસી તેમજ ખેડૂતવર્ગમાં ફેલાયેલ અસંતોષે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. જેથી ભારતમાં વિદેશી શાસન સામે શરૂઆતના સો વર્ષમાં જુદાજુદા સમયે બળવાઓ થયા, જેમાંના મુખ્ય નીચે પ્રમાણે ગણાવી શકાય.

### 29.2.1 સંન્યાસી બળવો : 1763-1800 :
### (The Sanyasi Rebellion, 1763-1800)

18મી સદીના અંતભાગના બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકૃત પત્રવ્યવહારમાં ઉત્તર બંગાળમાં સંન્યાસીઓ અને ફકીરોના વિદ્રોહને લગતા ઉલ્લેખો છે. જોકે બંગાળ (1770)ના ભીષણ દુષ્કાળ પહેલા પણ હિંદુ અને મુસ્લિમ સમૂહો એક જગ્યાથી બીજી જગ્યાએ પરિભ્રમણ કરતા. તેઓ અનાજના ભંડારો લૂંટતા તેમજ જમીનદારો, સામંતો અને શાહુકારો જેવા પૈસાદાર વર્ગ પર અચાનક છાપો મારીને તેમને લૂંટી લેતા. સરકારી અધિકારીઓ પણ તેમાંથી બાકાત રહેતા નહીં. સંન્યાસી અને ફકીરો પણ ભ્રમણશીલ પ્રજા હતી. તેમ છતાં તેઓ ધાર્મિક ભિક્ષુકવૃત્તિના હતા. વાસ્તવમાં તેઓ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની અન્યાયી નીતિરીતિઓના ભોગ બનેલા ખેડૂતો હતા, જેમાંના કેટલાકની જમીનો કાયદા દ્વારા ખૂંચવી લેવામાં આવી હતી. આમ, ખેડૂતવર્ગની વિટંબણાઓ વધતી જતી હતી અને જમીન-મહેસૂલમાં ભારે વધારો થયો હતો. તેમાં વળી 1770માં બંગાળમાં ભયંકર દુષ્કાળ પડતાં જમીનવિહોણા નાના જમીનદારો, છૂટા કરાયેલા સૈનિકો અને ગામડાના ગરીબો સંન્યાસી અને ફકીરોના સમૂહોમાં જોડાયા. તેઓ 5 થી 7 હજારની ટુકડીઓમાં બંગાળ અને બિહારના વિવિધ ભાગોમાં ફરતા. તેઓ ગેરિલા પદ્ધતિ અપનાવીને પૈસાદાર વર્ગ તેમજ સરકારી અધિકારીઓના અનાજના ભંડારો લૂંટતા તેમજ સરકારી ખજાનાઓ લૂંટતા. આ લૂંટના ખજાનાથી તેઓ ગરીબો અને અનાથોને પૈસાની મદદ કરતા, મા-બહેનોની તથા બાળકોની રક્ષા કરતા, જેથી પ્રજા માનસમાં તેમનાં આવાં કૃત્યો પ્રત્યે કૂણી લાગણી પેદા થતી. તેઓએ બોગ્રા અને મિમેણસિંધમાં પોતાની સ્વતંત્ર સરકારોની રચના પણ કરી હતી.

સમકાલીન સરકારી નોંધોમાં આ બળવાઓનું વર્ણન પોતાની રીતે કરવામાં આવ્યું છે.

> ''કાયદાવિહીન લૂંટારાના સમૂહ તરીકે ઓળખાતા સંન્યાસી અને ફકીરોએ આ પ્રદેશોમાં ધાર્મિક પવિત્રતાના અંચળા હેઠળ ત્રાસનું સામ્રાજ્ય ફેલાવ્યું હતું. તેઓ બંગાળના મુખ્ય ભાગોમાં જુદીજુદી જગ્યાએ ભ્રમણ કરી ભીખ માગવા, ચોરી કરવા અને લૂંટ કરવા ટેવાયેલા હતા. તેમાં બંગાળમાં પડેલાં દુષ્કાળોને કારણે ખેડૂતો પોતાનાં ખેતરોમાં વાવણી કરી શક્યા નહીં. તેથી ભૂખ્યા ખેડૂતોએ સંન્યાસી અને ફકીરોને સાથ આપતા તેમના બળમાં વધારો થયો.''



સંન્યાસી બળવાખોરો

આ બળવામાં હિંદુ અને મુસલમાનોએ સમાન રીતે ભાગ લીધો, જે તેનું નોંધપાત્ર લક્ષણ ગણાવી શકાય. મંજુ શાહ, મુસા શાહ, ભવાની પાઠક અને દેવી ચૌધરાણીએ આ બળવામાં આગળ પડતો

ભાગ લઈ મહત્ત્વની નેતાગીરી પૂરી પાડી, જેથી બંગાળ અને બિહારમાં છેક 1800 સુધી સંન્યાસી, ફકીરો અને અંગ્રેજ લશ્કર વારંવાર અચાનક સામસામે આવી જતાં, જે પણ બળવાની વિશિષ્ટતા ગણાવી શકાય. અંગ્રેજ સરકારે આ બળવાને સખત હાથે દબાવી દેવા માટે પોતાની સમગ્ર તાકાત અજમાવી.

### 29.2.2 રંગપુરના ખેડૂતોનો બળવો, બંગાળ 1783 : (Peasant Uprising of Rangpur, Bengal, 1783)

1757ની પ્લાસીની લડાઈ પછી બંગાળમાં અંગ્રેજી રાજ્યનો પાયો નંખાયો, અને તેણે બંગાળમાં વિવિધ મહેસૂલી અખતરાઓ અજમાવ્યા, જેનાથી ખેડૂતો બેહાલ બન્યા અને સામાન્ય લોકોની હાડમારીઓ અસહ્ય બની.

ઉત્તર બંગાળમાં રંગપુર અને દીનજપુર જિલ્લાઓમાં ભારે મહેસૂલ આકારણી, સરકારી અધિકારીઓ મારફત ખેડૂતો પાસેથી મહેસૂલની ગેરવસૂલાત અને બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં અન્ય જુલમી પગલાંઓએ ખેડૂતોને વિદ્રોહ કરવા પ્રેર્યા. મહેસૂલી અધિકારીઓનો સખત વર્તાવ અને મહેસૂલની ગેરવસૂલાત એ ખેડૂતો માટે સામાન્ય બાબત બની હતી. રંગપુર અને દીનજપુર જિલ્લાના આવા દેબીસિંગ નામના એક મહેસૂલી અધિકારી અને તેના દલાલોએ ત્યાં ત્રાસનું સામ્રાજ્ય ફેલાવ્યું. જમીનદારો ઉપર ભારે કરવેરા નાખવામાં આવ્યા, જેમનું ભારણ સામાન્ય રીતે ખેડૂતો પર આવ્યું. આમ, આ બંને જિલ્લાઓમાં ખેડૂતો દેબીસિંગ અને તેના દલાલોની આવી અન્યાયી માંગણીઓ સંતોષી શકે તેમ ન હતા. તેથી દેબીસિંગ અને તેના સાગરિતોએ ખેડૂતો પર જુલમ ગુજાર્યા. તેમને ચાબૂક વડે મારવામાં આવ્યા. તેમનાં ઘર બાળી નાંખવામાં આવ્યાં અને તેમના પાકનો નાશ કરવામાં આવ્યો. તેમના આ જુલમોમાંથી સ્ત્રીઓ પણ બાકાત ન હતી.

તેથી અસંતુષ્ટ ખેડૂતોએ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકારીઓ સમક્ષ પોતાની દાદ-ફરિયાદ રજૂ કરી. પરંતુ તેમની માંગણીઓ પર ધ્યાન આપવામાં આવ્યું નહીં. આમ, ખેડૂતોને ન્યાય ન મળતાં તેમણે કાયદો પોતાના હાથમાં લીધો અને બળવો કર્યો. તેઓ ઢોલ પીટીને મોટા પાયા પર એકત્રિત થયા અને તલવાર, ભાલા, તીર અને કામઠાં જેવાં શસ્ત્રોથી સજ્જ થયા. તેમણે હીરજી નારાયણને પોતાના નેતા તરીકે ચૂંટી કાઢ્યો. ખેડૂતોએ તેના નેતૃત્વ નીચે સરકારી કચેરીઓ, સ્થાનિક દલાલોના અનાજના ભંડારો પર હુમલા કર્યા. કેટલીક જગ્યાએ કેદીઓને છોડી મૂકવામાં આવ્યા. બળવાખોરોએ પોતાની સરકારની રચના કરી. મહેસૂલ ભરવાનું બંધ કર્યું. આ બળવામાં હિંદુ અને મુસલમાનો સાથે રહીને લડ્યા. ભારે લશ્કરી તાકાત તેમજ દમનથી અંગ્રેજ સરકારે આ બળવો દબાવી દીધો અને પરિસ્થિતિને કાબૂમાં લીધી.

### 29.2.3 ભીલોનું બંડ 1818-31 : (The Uprising of the Bhils, 1818-31)

ભીલો ખાનદેશના પર્વતીય વિસ્તારોમાં વર્ચસ્વ ધરાવતા હતા. પરંતુ અંગ્રેજોએ આ વિસ્તારમાં 1818માં પગદંડો જમાવતા આ પ્રજામાં અસંતોષ ફેલાયો. આદિવાસી પ્રજા પોતાના પ્રદેશોમાં અંગ્રેજોએ કરેલા પગપેસારાને શંકાની નજરે જોતી હતી. તેમના આગમનથી આદિવાસીઓની સ્થિતિ કંગાળ બની હતી. બાજીરાવ બીજાના ત્ર્યંબકજી નામે બળવાખોર અધિકારીએ આદિવાસીઓને અંગ્રેજ સરકાર વિરુદ્ધ બહેકાવ્યા હતા તેવું સરકારી વિધાન હતું. તેથી 1819માં અંગ્રેજો સામે કેટલીક જગ્યાઓએ ભીલોએ બળવાઓ કર્યા, જેથી અંગ્રેજ સરકારે કેટલાંક લશ્કરી પગલાં લીધાં અને ભીલોની વસાહતોનો નાશ કર્યો. કેટલાક ભીલોને મારી નાખ્યા તો કેટલાકને સખત સજાઓ કરી. અંગ્રેજ સરકારે આવાં અમાનુષી પગલાંઓ દ્વારા ભીલોના બળવાઓને દબાવી દીધા, તોપણ તેનાં આવાં પગલાંઓ ભીલોને પોતાને પક્ષે કરવામાં નિષ્ફળ ગયા.

### 29.2.4 મૈસૂરનો બળવો, 1830-31 : (The Rebellion of Mysore, 1830-31)

ચોથા મૈસૂર વિગ્રહમાં ટીપુ સુલતાનના થયેલ મૃત્યુ બાદ મૈસૂરમાં અંગ્રેજોએ વોડિયાર શાસકને પુનઃસ્થાપિત કર્યો હતો અને તેના પર સહાયકારી યોજના લાદી લેવામાં આવી હતી. બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મૈસૂરના રાજા પાસે વિશેષ નાણાંની માંગણી કરી, જેથી રાજાને વધારે નાણાં મેળવવા માટે જમીનદારો પરનું મહેસૂલ વધારવાની ફરજ પડી. પરિણામે જમીનદારોએ મહેસૂલવધારો

કરતાં તેનું ભારણ ખેડૂતો પર પડ્યું. આને લીધે જમીનદારો તેમજ શાહુકારોના જુલમો ખેડૂતો માટે અસહ્ય બન્યા. સ્થાનિક અધિકારીઓના ભ્રષ્ટાચાર અને નાણાંની ગેરવસૂલાતે ખેડૂતોની કંગાલિયતમાં વધારો કર્યો.

આમ, રાજાની લાચારી તથા જમીનદારોના ત્રાસથી ખેડૂતોમાં અસંતોષ ફેલાયો, જેણે ખેડૂતોને ખુલ્લો બળવો કરવા પ્રેર્યા. મૈસૂરના ચાર વિભાગોમાંથી નગર વિભાગના ખેડૂતોએ અંગ્રેજ સરકાર સામે સશસ્ત્ર બળવો કર્યો. ખેડૂતોએ સરદાર મલ્લને પોતાનો નેતા બનાવ્યો. તે ક્રેમસી નામના સામાન્ય ખેડૂતનો પુત્ર હતો. તેના નેતૃત્વ નીચે મૈસૂરના ખેડૂતોએ અંગ્રેજ સરકારને પડકાર ફેંક્યો. પરંતુ અંગ્રેજોની વિશાળ ફોજ આગળ ખેડૂતોનો બળવો સફળ થઈ શક્યો નહીં. અને અંગ્રેજો એ વિસ્તારમાં ફરી પોતાનું વર્ચસ્વ સ્થાપવામાં સફળ થયા.

## 29.2.5 કોલનું બંડ, 1831-32 : (The Kol Rebellion, 1831-32)

સિંગભૂમના કોલ લોકો સદીઓથી તેમના સામંતોના નેતૃત્વ નીચે સ્વતંત્ર સત્તા ભોગવતા હતા. તેઓએ છોટાનાગપુરના રાજા અને મયૂરભંજના તેમના પર આધિપત્ય સ્થાપવાના પ્રયત્નોનો સફળતાપૂર્વક પ્રતિકાર કર્યો હતો. અંગ્રેજોએ તેમના પ્રદેશમાં બળજબરીથી પ્રવેશ કરી તેમના પર પોતાનો કાયદો અને વ્યવસ્થા લાદી દેવાના પ્રયાસો કર્યા, જેથી કોલ પ્રજામાં અસંતોષ ફેલાયો અને તે પ્રદેશોમાં અંગ્રેજો સામે વિરોધ ઊઠ્યો.

સિંગભૂમ અને અન્ય પડોશી પ્રદેશોમાં અંગ્રેજોએ ફરજિયાત કબજો જમાવવાની પ્રક્રિયા શરૂ કરી તથા કોલ લોકોનાં ગામડાં સરકારે શીખ અને મુસ્લિમોને આપવા માંડ્યાં. આમ, અંગ્રેજો, વેપારીઓ તથા શાહુકારોની આ પ્રદેશમાંની વિવિધ પ્રવૃત્તિઓથી આદિવાસી પ્રજાની સ્વતંત્રતા જોખમાઈ, જેથી આદિવાસી પ્રજાનો રોષ અંગ્રેજો સામે ભભૂકી ઊઠ્યો અને તેમણે પોતાના પ્રદેશમાં ઘૂસી આવેલા વિદેશીઓ સામે 1831-32માં બળવો પોકાર્યો. બળવો રાંચી, સિંગભૂમ, હઝારીબાગ, માનભૂમ, પાલમું વગેરે પરગણામાં ફેલાયો. તેમનું મુખ્ય ધ્યેય વિદેશીઓ પર હુમલાનું હતું. કોલ લોકોએ શીખ તથા મુસ્લિમ જમીનદારો અને અંગ્રેજ અફસરો પર હુમલા કર્યા તથા સરકારી મિલકત લૂંટી અને બાળી.

આ બળવામાં હિંસા અને લૂંટ સાર્વત્રિક હતા. ગામડાંઓ બાળવામાં આવ્યાં. રસ્તા બંધ કરી દેવામાં આવ્યા અને વટેમાર્ગુઓને લૂંટી લેવામાં આવ્યા. અંગ્રેજો માટે આ બળવા પર કાબૂ મેળવવાનું મુશ્કેલ હતું. ભારે પ્રયત્નો પછી માર્ચ 1832માં આ બળવાને દબાવી દેવામાં અંગ્રેજો સફળ થયા. જોકે આ બળવામાં બહાદુરીના કેટલાય કિસ્સા દૃષ્ટાંતરૂપ હતા. કેટલાય અગ્રેસરો અંત સુધી લડ્યા. જેમાં બુધ્ધા ભગતે શરણે થવાને બદલે પોતાના કુટુંબ અને 150 અનુયાયીઓ સાથે પોતાના ગામડા પરનો હુમલો ખાળવા જીવનનો અંત આણ્યો. આ બળવામાં બંને પક્ષે નિષ્ઠુરતા આચરવામાં આવી હતી. સર જૉન શોરના અંદાજ મુજબ બળવો દબાવી દેવા માટે લશ્કરી હિલચાલથી પાંચ હજાર માઈલનો પ્રદેશ વેરાન થઈ ગયો હતો.

## 29.2.6 ફરૈઝી આંદોલન, 1838-51 :
## (The Faraizi Movement, 1838-51)

બંગાળના ફરીદપુર ગામના વતની હાજી શરીઆત ઉલ્લાએ 'ફરઝીસ' નામે પંથની સ્થાપના કરી. વાસ્તવમાં ફરૈઝી આંદોલન શાસકો અને જમીનદારો વિરુદ્ધનું હતું. જેમણે ફરજિયાત બંગાળની ભૂમિ કબજે કરીને ખેડૂતો પાસેથી જમીન છીનવી લીધી હતી. કંપનીની રાજકીય દમનનીતિ, જમીનદારોની તરફેણ કરનાર મહેસૂલ નીતિ તથા આર્થિક શોષણખોર નીતિને પરિણામે ઘણા ખેડૂતો તથા કારીગરો બેકાર અને બેહાલ બન્યા હતા. શરીઆત ઉલ્લાના પુત્ર દુધુમિયાના નેતૃત્વ તળે ફરૈઝીઓ સમતાવાદી વિચારસરણી સાથે એક ધાર્મિક પંથ તરીકે એકત્રિત થયા. તેણે ખેડૂતોને બધા મનુષ્ય સમાન છે અને જમીન ઈશ્વરની છે, તેથી કોઈ પણ તેના પર કર નાખી શકે નહીં એવો સાદી ભાષામાં ઉપદેશ આપ્યો. ફરૈઝીઓએ પૂર્વ બંગાળનાં અમુક પરગણાંઓમાં સમાંતર વહીવટીતંત્ર સ્થાપ્યું અને ખેડૂતોના વાદવિવાદોનો ઉકેલ લાવવા માટે ગ્રામ્ય અદાલતોની સ્થાપના કરી. તેમણે જમીનદારોના અતિશય ત્રાસથી ખેડૂતોનું રક્ષણ કર્યું અને તેમણે ખેડૂતોને જમીનદારોને કર ન ભરવાનું કહ્યું. તેમણે જમીનદારોનાં ઘરો અને સરકારી કચેરીઓ પર હુમલા કર્યા અને પંચચારનું ગળીનું કારખાનું બાળી નાંખ્યું. તેમનાં હિતો જોખમાતા ગળીનાં ખેતરોના માલિકો તથા જમીનદારોએ પણ આ આંદોલન કચડી

નાંખવામાં સરકારને સાથ આપ્યો. દુધુમિયાને કેદ કરવામાં આવ્યો અને છેવટે આંદોલનને કચડી નાખવામાં આવ્યું.

## 29.2.7 મોપલા બંડ, 1836-54 : (The Mappila Uprisings, 1836-54)

અત્યાર સુધી અંગ્રેજ સરકાર સામે થયેલાં ખેડૂત આંદોલનોમાં મોપલા બંડ તેને માટે સૌથી ગંભીર પડકારરૂપ હતું. મોપલાઓ આરબ વસાહતીઓના વંશજ અને ધર્માન્તર કરાયેલા હિંદુઓ હતા. તેમાંના મોટા ભાગના જમીનો પર ખેતી કરતા ગણોતિયાઓ હતા તો કેટલાક જમીનવિહોણા મજૂરો હતા. તેમાંના કેટલાક નાના વેપારીઓ અને માછીમારો પણ હતા. અંગ્રેજોએ અન્ય પ્રદેશોની જેમ 18મી સદીના છેલ્લા દશકામાં મલબારના પ્રદેશોમાં પણ પગપેસારો કર્યો. અને ત્યાં પણ અંગ્રેજ વહીવટીતંત્ર તેમજ નવી મહેસૂલી પદ્ધતિનો અમલ કર્યો, જેણે પ્રજાની હાડમારીઓમાં અનેકગણો વધારો કર્યો. મોપલાઓ સાથેની પ્રણાલિકાગત ભાગીદારી સ્વતંત્ર જમીનની માલિકી અને મોપલા ગણોતિયાઓની જમીનો છોડાવવાના હકની બાબતમાં અંગ્રેજ સરકારે પોતાના હિતમાં મહત્ત્વના ફેરફારો કર્યા.

અંગ્રેજ સરકારે ભારે આકારણી કરી તેમજ મોપલાઓ પર ગેરકાયદેસર કરવેરા વધાર્યા, જેથી મોપલાઓમાં અસંતોષ વધતો ગયો. તેમની જમીનો ફરજિયાત કાયદેસર રીતે ખૂંચવી લેવાની પ્રક્રિયા કરીને સરકારી અધિકારીઓએ સખત વલણ દાખવ્યું, જેથી મોપલાઓએ અંગ્રેજોની આવી અન્યાયી નીતિરીતિઓ સામે તેમજ જમીનદારો સામે બળવો પોકાર્યો.

ધાર્મિક નેતાઓએ મોપલાઓને સાથ આપ્યો. તેમણે સામાજિક-ધાર્મિક સુધારણા દ્વારા અંગ્રેજ સરકાર સામે પ્રજાને જાગૃત કરી અને મોપલાઓનું બળ વધાર્યું, જેથી મોપલાઓએ અંગ્રેજ સરકાર તેમજ જમીનદારો સામે ખુલ્લો બળવો પોકાર્યો. 1836થી 1854 સુધીમાં મલબાર પ્રદેશમાં લગભગ બાવીસ જેટલા બળવાઓ થયા. આ બળવાઓમાં મોટા ભાગના બળવાઓ ગરીબ વર્ગના હતા. બળવાખોરોનું મુખ્ય નિશાન બ્રિટિશ અધિકારીઓ, જમીનદારો અને તેમના સાગરીતો હતા. અંગ્રેજોએ દમનનો દોર છૂટો મૂક્યો અને બળવો દબાવી દેવાના પ્રયત્નો કર્યા, પરંતુ તેઓ અમુક વર્ષો સુધી તેમને નમાવી શક્યા નહીં.

## 29.2.8 સાંથાલ બંડ 1855-56 : (The Santhal Rebellion, 1855-56)

સાંથાલ આદિવાસીઓ બીરભૂમ બાંકુરા, મુર્શિદાબાદ, પાકુર, દુમ્કા, ભાગલપુર અને પૂર્ણિઆ જિલ્લાના રહેવાસીઓ હતા. સાંથાલોની વસ્તી ધરાવતો આ પ્રદેશ દામન-ઇ-કોહ અથવા સાંથાલ પરગણા તરીકે ઓળખાતો. કોર્નવૉલિસે દાખલ કરેલી કાયમી જમાબંધીને કારણે પોતાના વતનની જમીનો છોડીને સાંથાલોને રાજમહાલ પાસેના પહાડી પ્રદેશોમાં વસવાની ફરજ પડી હતી, જ્યાં તેમણે જંગલો સાફ કરીને ખેતી શરૂ કરી. તેના પડોશી મહેશપુર અને પાકુરના રાજાઓએ સાંથાલોનાં ગામડાં જમીનદારો અને શાહુકારોને પટ્ટે આપી દીધાં. આમ, વિદેશીઓના આ પ્રદેશમાંના પ્રવેશથી સાંથાલો શાહુકારો તથા સરકારની શોષણનીતિને કારણે તદન પાયમાલ થઈ ગયા. 1856ના કલકત્તા રિવ્યુમાં સમકાલીન લેખકે સાંથાલોની કરુણાજનક સ્થિતિનું નીચે મુજબ હૂબહૂ વર્ણન કરેલું છે.

> ''જમીનદારો, પોલીસ, મહેસૂલી અધિકારીઓ વગેરેએ સંયુક્ત રીતે સાંથાલો પાસેથી ગેરકાયદેસર નાણાં પડાવ્યાં. જુલમી ગેરવસૂલાત, જબરદસ્તીથી મિલકત પડાવી લેવી, અત્યાચાર અને વ્યક્તિગત હિંસા વગેરે જેવા નાનામોટા જુલમો સરકારે ડરપોક એવી સાંથાલ પ્રજા પર ગુજાર્યા. શાહુકારો તેમની પાસેથી 50 %થી 100 %ના વ્યાજના દરે વ્યાજ વસૂલ કરતા. વળી, સાંથાલ ખેડૂતો પાસેથી અઠવાડિયે ભરાતા મેળાઓમાંથી તેમની પાસેથી કરજના બહાને શાહુકારો બળજબરીથી નજીવી કિંમતે તેમનો માલ પડાવી લેતા.''

આમ, શાહુકારો, વેપારીઓ, જમીનદારો અને સરકારી અધિકારીઓના જુલમો સામે સાંથાલોએ પોતાનું રક્ષણ કરવા હથિયારો ઉગામ્યાં. સાંથાલોના વિરોધની શરૂઆત જમીનદારો અને શાહુકારોના ઘર પર હુમલા, લૂંટ અને ધાડથી થઈ. પરંતુ સરકારી અધિકારીઓ, પોલીસ વગેરેએ શાહુકારોનો બચાવ કરતા તેમજ દમન કરતાં સાંથાલો વધુ હિંસક બન્યા. તેમણે અંગ્રેજ અમલદારોનાં ઘર પર પણ હુમલા કર્યા. સાંથાલોએ સિંધુ અને કન્હુ નામના બે ભાઈઓને પોતાના નેતા બનાવ્યા, જેમને માટે સાંથાલ પ્રજા એવું માનતી હતી કે તેમના પર થતા જુલમોનો અંત લાવવા માટે તેમજ તેમના પહેલાના સારા દિવસોની પુનઃસ્થાપના કરવા માટે બંને ભાઈઓને પ્રભુના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.

સાંથાલોએ પોતાનાં પુરાણી ઢબનાં હથિયારો તીરકામઠાં, ભાલા, બરછી અને કુહાડીઓથી સજ્જ થઈ અંગ્રેજ સરકાર સામે સશસ્ત્ર બળવો કર્યો. તેઓ પોતાના પ્રદેશમાં પોતાનું પ્રભુત્વ સ્થાપી પોતાની



સાંથાલ બળવાખોર

સરકાર રચવા માંગતા હતા. તેથી 400 ગામડાંઓમાંથી 10,000 જેટલા સાંથાલોએ એકત્રિત થઈને કરેલા ઠરાવ અનુસાર કીરતા અને ભાદો નામના આગેવાનોએ જમીનદારો તેમજ સરકારી અધિકારીઓ, બીરભૂમના કલેક્ટર અને મૅજિસ્ટ્રેટને તેમના જોરજુલમ બંધ કરવાનું અથવા સશસ્ત્ર બંડની તૈયારી રાખવાનું આખરીનામું આપ્યું. પરંતુ સાંથાલોની દાદ-ફરિયાદ અંગ્રેજોના બહેરા કાને અથડાઈને પાછી ફરી. તેમના આખરીનામાનો જવાબ ન મળતાં સાંથાલોનો રોષ ભભૂકી ઊઠ્યો અને સમગ્ર સાંથાલ પરગણાંઓમાં બળવો ઝડપથી ફેલાઈ ગયો. તેમની સાથે નીચલા વર્ણની અન્ય પ્રજા પણ જોડાઈ. તેઓએ કુહાડીઓ અને ઝેરી બાણોથી સજ્જ થઈને ગામડાં પર હલ્લા કરીને ચાના બગીચાના અંગ્રેજ માલિકો, વ્યાજખોરો વગેરેને મારી નાખ્યા. પકુરના નામચીન શાહુકાર દીનદયાળ રૉયને પકડીને તેના ટુકડેટુકડા કરી નાખ્યા. કેટલાક શોષણખોરો નાસી ગયા. સાંથાલોએ તેમની મિલકતો લૂંટી લીધી તથા તેમની સ્ત્રીઓની પણ હત્યા કરી, જેથી આ પ્રદેશમાંથી બ્રિટિશ સત્તા કામચલાઉ અદશ્ય થઈ.

પરંતુ કંપની સરકાર અને જમીનદારોની લશ્કરી તાકાત આદિવાસીઓની બળવાખોર શક્તિ કરતાં ઘણી પ્રબળ હતી. તેમજ અંગ્રેજોનાં શસ્ત્રો આધુનિક અને વિપુલ હતાં, તેથી સરકાર બંદૂકની અણીએ બળવાને કડક હાથે દાબી દેવામાં સફળ થઈ. 40,000માંથી લગભગ 18,000 સાંથાલ ખેડૂતોનો આ વિદ્રોહમાં સંહાર થયો. આમ, વીર સાંથાલ વિદ્રોહ છેવટે નિષ્ફળ ગયો.

### 'તમારી પ્રગતિ ચકાસો'-1 (Test I)

1. ખેડૂત તેમજ આદિવાસી આંદોલનોનાં કેટલાંક સામાન્ય લક્ષણોની 10 લીટીઓમાં ચર્ચા કરો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

2. બંગાળના ખેડૂતોને દુધુમિયાએ આપેલ સંદેશાનું પાંચ લીટીઓમાં વર્ણન કરો.

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

3. નીચેના દરેક પર બે-બે વાક્યો લખો :

(1) હીરજી નારાયણ :

..........................................................................................................................

..........................................................................................................................

(2) સરદાર મલ્લ :

..........................................................................................................................

..........................................................................................................................

(3) બુધ્ધા ભગત :

..........................................................................................................................

..........................................................................................................................

(4) દામન-ઈ-કોહ :

..........................................................................................................................

..........................................................................................................................

4. સંન્યાસી બળવાનાં નોંધપાત્ર લક્ષણો કયાં હતાં ? તેમાં કોણે નેતૃત્વ પૂરું પાડ્યું હતું ?

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

## 29.3 1857ના બળવા પહેલાનાં લોક-આંદોલનોનું સ્વરૂપ : (Nature of Popular Movements Before 1857)

ખેડૂત અને આદિવાસી આંદોલનોનું જુદાજુદા ઇતિહાસકારોએ જુદુંજુદું અર્થઘટન કર્યું છે. કેટલાક ઇતિહાસકારોનું અંગ્રેજો પરત્વેનું વલણ સહાનુભૂતિભર્યું છે. તેઓ આ બળવાઓને કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ગણાવે છે. અંગ્રેજ શાસનની સ્થાપના પહેલા અને પછી પણ ખેડૂતો અને આદિવાસીઓની સમસ્યાઓને ગંભીરતાથી લેવાને બદલે તેમના પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવ્યા હતા, જેથી તેમના અસંતોષની માત્રામાં વધારો થતો જ ગયો. ઘણી વખત આદિવાસીઓ અને ખેડૂતોના

આવા બળવાઓને સંસ્કૃતસમાજ સામેના પ્રતિકાર સ્વરૂપે ઉદભવેલા અસંસ્કૃત બળવાઓ તરીકે ચિત્રિત કરવામાં આવેલા છે, જે ન્યાયી વિશ્લેષણ નથી.

રાષ્ટ્રવાદીઓ ખેડૂત તેમજ આદિવાસી આંદોલનોને અંગ્રેજ રાજ્ય સામેનાં પ્રતિકારાત્મક આંદોલનો તરીકે ઓળખાવે છે. જોકે આ આંદોલનો પરત્વેની તેમની સહાનુભૂતિને કારણે તેઓએ કચડાયેલા વર્ગની લડતનાં કેટલાંક પાસાંઓ તેમના સ્વઅનુભવો અને આ આંદોલનોની કેટલીક તર્કસંગત બાબતોની ઉપેક્ષા કરી હોવાનું કહી શકાય. તોપણ પોતાની નિશ્ચિત મર્યાદામાં તેઓએ ખેડૂત અને આદિવાસી બંડોના સ્વરૂપ તથા કાર્યક્ષેત્રને સમજાવવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે તેની નોંધ લેવી ઘટે. આ પહેલા આવા પ્રયત્નો ભાગ્યે જ થયેલા હતા.

## 29.3.1 નેતૃત્વ : (Leadership)

ઉપરનાં આંદોલનોમાં તમે આંદોલનોને દોરવણી આપનાર નેતૃત્વના પ્રશ્ન અંગેનો અભ્યાસ કર્યો. આંદોલનોના આ તબક્કા દરમિયાન આંદોલનની સાથે જે નેતાઓ ઉદભવ્યા તેમની નેતાગીરીને આંદોલનના અંત સાથે ફગાવી દેવા તરફનો ઝોક વિશેષ હતો. પરંતુ તે સમયની પરિસ્થિતિના અનુસંધાનમાં જે રીતે બળવાઓ શરૂ થયા, તેને કારણે બહારથી તાત્કાલિક નેતૃત્વ માટેની શક્યતા નહિવત્ હતી. એ દૃષ્ટિએ જોતાં પછીથી ભારતમાં થયેલાં રાષ્ટ્રીય આંદોલનો દરમિયાન ખેડૂત તેમજ આદિવાસી આંદોલનોમાં ઉપલા વર્ગના નેતાઓએ ચોક્કસ આદર્શોનો આધાર લઈને જે હસ્તક્ષેપ કર્યો તે ઉપરોક્ત આંદોલનોના પ્રકાર કરતાં તદન ભિન્ન પ્રકારનો કહેવાય.

18-19મી સદીનાં ખેડૂત આંદોલનોના નેતાઓનો ઉદભવ ખેડૂતો અને આદિવાસી પ્રજામાંથી જ તેમના જ સાંસ્કૃતિક વાતાવરણમાંથી થયો હતો. તેઓ પોતાની આમજનતાનું પ્રતિનિધિત્વ સ્વાભાવિક રીતે જ કરી શકતા. ફરૈઝી આંદોલન એક બાજુ ધાર્મિક સ્વરૂપનું હતું, જેમાં ધાર્મિક નેતાઓએ એક બાજુ પોતાના ધર્મના સ્વચ્છ માળખાને પુનઃસ્થાપિત કરવાના પ્રયત્નો કર્યા, તો બીજી બાજુ આ આંદોલન સામાજિક સ્વરૂપનું પણ ગણાવી શકાય, જેમાં તેમના નેતાઓએ ખેડૂતોના પ્રશ્નોને પણ બહુ સચોટ રીતે રજૂ કર્યા. આમ, તેમણે પ્રજા સમક્ષ બહુ સચોટ પરિભાષામાં હૃદય સોંસરવી ઊતરી જાય તેવી દલીલો રજૂ કરી, જેમાં તેમણે સમગ્ર પ્રદેશ ભગવાનનો પ્રદેશ તથા તેના પર બધાનો સરખો અધિકાર ગણાવ્યો. તેવા અર્થઘટનથી કચડાયેલા ખેડૂતો ધર્મની સ્થાપના માટે શસ્ત્રસજ્જ બન્યા..

## 29.3.2 આંદોલનમાં સામેલગીરી અને સૈનિકોની ભરતી : (Participation and Mobilization)

ખેડૂત અને આદિવાસી આંદોલનનાં કેટલાંક લક્ષણો રાજકીય અને સામાજિક જાગૃતિનાં દૃષ્ટાંત પૂરાં પાડે છે. દા.ત., 1783માં દેબીસિંગ સામે થયેલ બળવા સમયે બળવાખોરોનું નિશાન રાજકીય કચેરીઓ હતી, જે ખેડૂતો પર થયેલા ત્રાસનું કેન્દ્ર મનાતી હતી. તે જ રીતે 1832માં થયેલ કોલના બળવા સમયે બળવાખોરોએ આદિવાસી પ્રજા પર હુમલા કર્યા ન હતા. કેટલીક વખત જેમજેમ બળવાઓ પ્રસરતા ગયા તેમતેમ આ આંદોલનોએ ખેડૂતો તેમજ આદિવાસીઓની તાત્કાલિક દાદ-ફરિયાદના સીમાડાઓથી પર એવા એક વિરોધી આંદોલનનું સ્વરૂપ પકડ્યું હતું. દા.ત., 19મી સદીમાં મલબારમાં થયેલા મોપલાઓના બળવાની શરૂઆત જમીનદારો સામે ભભૂકી ઊઠેલા રોષમાંથી થઈ હતી, પરંતુ તેનો અંત અંગ્રેજ રાજ્યની અન્યાયી નીતિરીતિઓ સામેના વિરોધી આંદોલન તરીકે આવ્યો હતો. ઘણી વાર કચડાયેલા વર્ગના વિરોધમાં સત્તાધારી લોકોના તેમની ભાષા, ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યેના વલણનો પણ સમાવેશ થતો, જેના પરિણામે તેઓ સત્તાધારી પક્ષની શરણાગતિનો અસ્વીકાર કરતા. અથવા તો તેમના પ્રભુત્વ અથવા જુલમના પ્રતિક સમાં ધાર્મિક સ્થળોના નાશ તરફ વળતા. આમ, તેમનાં વિરોધી આંદોલનોએ છેવટે વ્યવસ્થિત બળવાનું વિસ્તૃત રૂપ ધારણ કર્યું હતું.

આ વિરોધ આંદોલનોનાં પ્રજાકીય અને સામૂહિક પાસાંને લક્ષમાં લેવામાં આવે તો બળવામાં ભાગ લેનાર ખેડૂતો અને આદિવાસીઓની કાર્યપદ્ધતિની કેટલીક આગવી વિશિષ્ટતાઓ હતી. અંગ્રેજોએ આ ખુલ્લા આમજનતાના બળવાખોરોને અપરાધી ઠરાવવાનો વિશેષ પ્રયત્ન કર્યો છે, જ્યારે બળવાખોરોની કાર્ય કરવાની પદ્ધતિ જોતાં કંઈક જુદું જ ચિત્ર ઊપસે છે. આ બળવાઓ ગુનાને બદલે રાજકીય આંદોલનો વિશેષ હતાં. દા.ત., સાંથાલ આદિવાસીઓ ગામડાંઓ પર હુમલા કરતા પહેલાં વિસ્તૃત પાયા પર પ્રજાને ચેતવણીઓ આપતા હતા. આવાં જાહેર નિવેદનોને ઉપલા વર્ગના સત્તાધીશો તરફથી

અવારનવાર કાયદેસરતા મળતી. સાંથાલ નેતાઓ સિદ્ધો અને કન્હો અવારનવાર ભારપૂર્વક રજૂઆત કરતા કે 'ઠાકુર' કે જે લોકોનો સ્થાનિક ભગવાન ગણાતો, તે ગોરાઓ સામે યુદ્ધે ચડશે. આવાં વિધાનોની પ્રજા પર ભારે અસર પડતી. આવાં જાહેર નિવેદનોથી બળવાખોરોને બળવા માટે કાયદેસરતા પ્રાપ્ત થતી. આના અનુસંધાનમાં રંગપુરના બળવાખોરોના નેતાઓએ ધીંગ-ખર્ચા નામની બળવા માટેની લેવી ખેડૂતો પર નાખી હતી. આમ ઉપલા વર્ગ દ્વારા આવી કાયદેસરતા પ્રાપ્ત થતાં આદિવાસીઓ તેમજ ખેડૂતો સભાઓ ભરતા, આયોજનો કરતા, તેમજ હુમલાઓ કરવા પ્રેરાતા. સિદ્ધો અને કન્હો એવી રજૂઆત કરતા કે તેમણે બધાં જ પરગણાં અને કસબાઓની યુદ્ધ માટે મંજૂરી લીધી હતી. તેથી બળવાની કાયદેસરતા પ્રાપ્ત થતી હતી અને તે મોટો ઉત્સવ માનવામાં આવતો. દા.ત., સાંથાલ બળવાના નેતાઓને પાલખીમાં લાવવામાં આવતા અને તેમના અનુયાયીઓ માંગલિક ગણાતો લાલ પોશાક પહેરતા. આમ, શ્રમિક વર્ગની સંમતિથી આ લડત વધુ મજબૂત બની હતી. તે આ લડતનું એક વિશિષ્ટ લક્ષણ હતું. જેમકે સાંથાલ આદિવાસીઓની મુખ્ય પ્રવૃત્તિ શિકાર કરવાની હતી, પણ તેનો ઉપયોગ તેઓ ખોરાક મેળવવા કરતા હતા. પરંતુ તેમની શિકારની આ પ્રવૃત્તિનો ઉપયોગ તેઓએ પછીથી રાજકીય હેતુસર કર્યો. જેમકે તેઓએ સરકારી મિલકત બાળવાની, ભાંગફોડ કરવાની અને દુશ્મનોની હત્યા કરવાની પ્રવૃત્તિઓ કરી.

બળવાખોરોને દુશ્મનો સામે એક રાખનાર મૂળભૂત કયાં પરિબળો હતાં ? વર્ગ, જ્ઞાતિ કે જાતિ અને ધાર્મિક જૂથો વચ્ચેની તંગદીલીમાંથી આવાં પરિબળો ઉદભવ્યાં હતાં. દા.ત., મોપલા બળવા સમયે ગરીબ લોકો અને માતબર ખેડૂતોએ ધર્મના નામે એક થઈને જમીનદારોના જુલમો સામે લડત આપી હતી. કેટલીક વાર જાતિની એકતા પણ બળવો સર્જતી તેમજ તેને બળવત્તર બનાવતી. દા.ત., 1852માં સોનપુરના ધાંગર કોલોએ પ્રથમ બળવો કર્યો ત્યારે તેમને સિંગભૂમના લાર્ક કોલ આદિવાસીઓ-ને ટેકો આપ્યો હતો. આમ, ઉપર દર્શાવેલાં વિરોધી આંદોલનોમાં જ્ઞાતિ કે જાતિની એકતા એ મહત્ત્વનું પરિબળ હતું, જેણે આંદોલનને મજબૂત બનાવ્યું હતું. આનાકાની કરતા લોકોને બળવાખોરો સાથે જોડાઈ જવા માટે ફરજ પાડવાથી તથા વિશ્વાસઘાતી વ્યક્તિઓ પ્રત્યે કડક વલણ અપનાવવાથી આ આંદોલનોને બળ મળ્યું હતું. પરિણામે અંગ્રેજ સરકારના જુલમો સામે વિરોધ આંદોલનો ઠેરઠેર પ્રસર્યાં હતાં.

અંગ્રેજ સરકારની અન્યાયી નીતિરીતિઓ તેમના દમન અને જુલમ સામે જે ખેડૂત અને આદિવાસી આંદોલનો થયાં તે શરૂઆતમાં વેગીલાં અને ઉગ્ર ન હતાં, પરંતુ પ્રથમ તબક્કામાં તે માત્ર સામાજિક પ્રવૃત્તિના સ્વરૂપમાં હતાં. પરંતુ અંગ્રેજ સરકારે તેમની ગંભીરતા સમજવાને બદલે તેમને માત્ર સાદા ગુના ગણ્યા. અંગ્રેજોના અધિકૃત દસ્તાવેજોમાં ઘણુંખરું ગુનામાંથી બળવા સુધીના સંક્રમણ વિશેની અજ્ઞાનતા હતી. ભૂખમરામાંથી ગુનાહિત પ્રવૃત્તિઓ ઉદભવે છે અને જીવનની હિંસક સામાજિક પરિસ્થિતિમાંથી ચોરી-લૂંટફાટથી ખૂનામરકી સુધીના સંજોગો સર્જાય છે, તે બાબતથી અંગ્રેજો અજ્ઞાત હતા. દા.ત., 1854માં સાંથાલ બળવાના એક વર્ષ પહેલા સ્થાનિક શાહુકારોને ત્યાં અસંખ્ય ધાડો પાડવામાં આવી હતી. અંગ્રેજ સરકારના ન્યાયતંત્રે આદિવાસીઓ તેમજ ખેડૂતોની શાહુકારો વિરુદ્ધની દાદ-ફરિયાદો પ્રત્યે વિરોધ દર્શાવતા બળવાખોર નેતાઓએ આ ધાડોને નૈતિક રીતે વ્યાજબી ઠરાવી હતી.

ખેડૂત અને આદિવાસી આંદોલનોનાં પ્રાદેશિક વિસ્તરણ પર વતનના ખ્યાલો, વસવાટની ભૌગોલિક સીમાઓ તેમજ જ્ઞાતિ કે જાતિવિષયક બંધનોની અસર પડી હતી. સાંથાલો માટે પરદેશીઓએ તેમની પાસેથી પડાવી લીધેલી પોતાની પિતૃભૂમિ પાછી મેળવવા માટેની આ લડત હતી. પાછળથી તેમની લડત તેમના ભૂતકાળની માલિકીની ભૂમિ પાછી મેળવવા માટેની અને ત્યાર બાદ તેમની પાસેથી ઝૂંટવી લેવાયેલી ભૂમિ પાછી પ્રાપ્ત કરવાની લડત હતી. ક્યારેક આ લડત આદિવાસી જૂથોના પ્રાદેશિક સીમાડાઓ ઓળંગી વિસ્તરી હતી, જે બાબત આપણે લારકા અને ધાંગર કોલોએ એકત્રિત થઈને કરેલ બળવામાં જોઈ શક્યા.

ખેડૂત અને આદિવાસીઓના ભૂતકાળ અંગેના ખ્યાલોએ બળવાખોરોને જાગૃત કર્યા. ભૂતકાળના ખ્યાલોએ તેમને પોતાની પર પ્રભુત્વ સ્થાપનાર તથા જુલમ ગુજારનાર વિદેશીઓ સામે લડત આપીને પોતાના હકો પુનઃ મેળવવા માટે પ્રેરણા આપી. ફરૈઝી અને સાંથાલ બળવાઓ તેનાં ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. 1857ના બળવા પહેલાનાં આ વિરોધ આંદોલનો મંદ ન હતાં. તેઓ પોતાના હકોની પ્રાપ્તિ માટે અને આદર્શોની સિદ્ધિ માટે મથવાના પ્રયાસરૂપ હતા.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. આ આંદોલનમાંના નેતૃત્વના સ્વરૂપ વિષે ચાર લીટીઓ લખો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

2. ખેડૂત અને આદિવાસી આંદોલનોમાં રાજકીય જાગૃતિ કેટલે અંશ જવાબદાર હતી ? સાત લીટીઓમાં વર્ણન કરો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

3. બળવામાં ભાગ લેનાર ખેડૂતો અને આદિવાસીઓની કાર્યપદ્ધતિની કઈ આગવી વિશેષતાઓ હતી ?

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

4. સિદ્ધો અને કન્હો પ્રત્યેક વિશે બે-બે વાક્યો લખો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

## 29.4 સારાંશ : (Let us Sum Up)

આપણે આ એકમમાં 1857ના બળવા પહેલાં થઈ ગયેલાં ખેડૂત અને આદિવાસી આંદોલનો વિશે જે તારણ કાઢ્યું તેને માટે એવી દલીલ કરવામાં આવે છે કે આ આંદોલનો મહદ્અંશે સ્થાનિક અને એકાંકી હતાં. પરંતુ જો આ આંદોલનોના સામર્થ્યને માનવીય અને ધાર્મિક દૃષ્ટિથી આંકવામાં આવે તો જણાશે કે આ બાબતો જ લડતમાં કડીરૂપ હતી. તેમના એકાકીપણા માટે સંપૂર્ણ જાગૃતિ લાવવામાં તેમની નિષ્ફળતા કારણભૂત હતી, જેથી આ આંદોલનોની અસર રાષ્ટ્રીય કક્ષાએ મર્યાદિત રહી, જ્યારે બીજી બાજુએ અંગ્રેજોની સફળતા લગભગ નિશ્ચિત બની હતી, કારણ કે આ બળવાઓનું સ્વરૂપ એકાંકી હતું, તેનો વ્યાપ મર્યાદિત હતો. અંગ્રેજો કુશળતા તેમજ લશ્કરી બાબતમાં ચઢિયાતા હતા. તેઓએ કાયદા તથા વ્યવસ્થા દ્વારા પ્રચલિત સમાજવ્યવસ્થાને ટેકો આપ્યો, જેથી અંગ્રેજો માટે ભારતમાં શાસન સ્થાપવાની સાનુકૂળ સ્થિતિ હતી. તેમ છતાં 1857ના બળવા પહેલા અંગ્રેજોની સાંસ્થાનિક પદ્ધતિ સામે થયેલાં આ પ્રથમ વિરોધ આંદોલનો ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતાં. આ પછી ઉદ્ભવેલ 1857નું આંદોલન એવું હતું કે જેને અંગ્રેજ શાસન વિરુદ્ધ સમાજના અમુક વર્ગોમાં ઉદ્ભવેલા પ્રત્યાઘાતો દ્વારા તેમજ ખેડૂતોમાં અંગ્રેજ શાસન સામે ફેલાયેલા અસંતોષ દ્વારા ઇંધણ મળ્યું હતું. આ આંદોલને ધાર્મિક અન જ્ઞાતિવિષયક સીમાડાઓ ઓળંગી ભારતના કેટલાક ભાગોમાં એકસાથે બ્રિટિશ શાસનને પડકાર ફેંક્યો. આપણે આ આંદોલન (1857ના બળવા)ના એકમ 30 અને એકમ 31માં વિસ્તારપૂર્વક અભ્યાસ કરીશું.

## 29.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો :

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ વિભાગ 29.1
2. જુઓ પેટા વિભાગ 29.2.6
3. (1) જુઓ પેટા વિભાગ 29.2.2
   (2) જુઓ પેટા વિભાગ 29.2.4
   (3) જુઓ પેટા વિભાગ 29.2.5
   (4) જુઓ પેટા વિભાગ 29.2.8
4. જુઓ પેટા વિભાગ 29.2.1

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જુઓ પેટા વિભાગ 29.3.1
2. જુઓ પેટા વિભાગ 29.3.2
3. જુઓ પેટા વિભાગ 29.3.2
4. જુઓ પેટા વિભાગ 29.3.2

## 29.6 ચાવીરૂપ શબ્દો : (Key Words)

**કચેરી** : સરકારી વહીવટી કાર્યાલય

**ધીંગ-ખરચા** : રંગપુરના બળવાનો ખર્ચ પૂરો કરવા બળવાખોરોએ નાખેલ વેરો – લોકોએ – ખેડૂતોએ તેનો સ્વેચ્છાએ કરેલ સ્વીકાર.

**શિકાર** : અત્રે શિકારનો અર્થ પશુશિકાર નહીં, પરંતુ સરકાર તથા શાહુકારોની મિલકત બાળવાની, અને તેમની લૂંટ કરવાની બળવાખોરોની પદ્ધતિ.

# એકમ : 30 1857નો બળવો – કારણો અને સ્વરૂપ : (Revolt of 1857 – Causes and Nature)

**રૂપરેખા**


30.0 હેતુ અને પ્રાક્કથન

30.1 1857ના બળવાની પૂર્વભૂમિકા

30.1.1 લશ્કર

30.1.2 સાંસ્થાનિક સંદર્ભ

30.1.3 જમીન-મહેસૂલી વ્યવસ્થા

30.2 જોડાણ – (ખાલસાનીતિ)

30.3 ધર્મ અને સંસ્કૃતિ

30.4 વિપ્લવનું સ્વરૂપ

30.4.1 સિપાઈઓનો બળવો

30.4.2 રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામ અથવા સામંતશાહી પ્રત્યાઘાત

30.5 વિવિધ અભિપ્રાયો વિષેનું વિશ્લેષણ

30.6 સર્વસામાન્ય વિધાનની નિરર્થકતા

30.7 સારાંશ

30.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

30.9 ચાવીરૂપ શબ્દો


## 30.0 હેતુઓ અને પ્રાક્કથન :

એકમ 29માં 18મી સદીના મધ્ય ભાગથી 19મી સદીના મધ્ય ભાગ દરમિયાન થયેલાં ખેડૂત અને આદિવાસી આંદોલનોની ચર્ચા પરથી તમે સમજી શક્યા હશો કે ભારતીય સમાજ અને અર્થતંત્રના સાંસ્થાનીકરણના દરેક તબક્કે વિરોધી આંદોલનો ઉદભવ્યાં તેમજ અંગ્રેજ સરકારની અન્યાયી નીતિ-રીતિઓ સામે આદિવાસીઓ અને ખેડૂતોએ માથું ઊંચક્યું. પરિણામે ભારતમાં વિદેશી શાસન સામે ઠેરઠેર બળવાઓ થયા.

એકમ 30માં 1857ના બળવાની પૂર્વભૂમિકા અને બળવાના સ્વરૂપ વિશેનાં વિરોધાભાસી અર્થઘટનોની ચર્ચા કરવામાં આવી છે. આ એકમમાં સિપાઈઓની દાદ-ફરિયાદો, સાંસ્થાનિક અર્થતંત્રની વ્યવસ્થા, અંગ્રેજોએ અમલમાં મૂકેલી મહેસૂલી પદ્ધતિ, ખાલસા નીતિ સામેનો ઉગ્ર રોષ, બળવામાં ધાર્મિક લાગણીઓનો હિસ્સો, બળવાનાં સ્વરૂપ તેમજ તે વિશે વિવિધ પ્રકારનાં વ્યક્ત થયેલ મંતવ્યોને આવરી લેવામાં આવ્યાં છે.

મે, 1857માં ઉત્તર ભારત અને મધ્ય ભારતમાં બળવો ફાટી નીકળ્યો, જેની શરૂઆત કંપની સરકારના લશ્કરના સિપાઈઓથી થઈ અને પછી બળવો ઝડપથી અન્ય પ્રાંતો અને લોકોમાં ફેલાયો. આમ, આ બળવામાં લશ્કર અને આમજનતાનું જે અનુસંધાન થયું તે બ્રિટિશ સામ્રાજ્ય માટે ખતરારૂપ પુરવાર થયું.

## 30.1 1857ના બળવાની પૂર્વભૂમિકા : (Background of the Revolt)

આ એકમમાં 1857નો બળવો મે અને જૂન માસમાં જે ઝડપથી પ્રસર્યો તેની ચર્ચા કરવામાં આવી છે. અંગ્રેજ કંપનીના લશ્કરના સિપાઈઓએ ખૂબ ઝડપથી આ બળવાને લોકબળવામાં પરિવર્તિત કર્યો. આ એકમમાં બંગાળના લશ્કરના સિપાઈઓમાં ફેલાયેલ અસંતોષ, તેમની ફરિયાદો પરત્વે વિદેશી શાસનની ઉપેક્ષા તથા તેની મહેસૂલી પદ્ધતિ વિશે ઊંડાણથી સમીક્ષા કરવામાં આવી છે.

### 30.1.1 લશ્કર : (The Army)

29મી માર્ચ, 1857ના રોજ કલકત્તા નજીક બરાકપુરની લશ્કરી છાવણીમાં બળવાની શરૂઆત થઈ. મંગલપાંડે નામના યુવાન સૈનિકે એન્ફિલ્ડ રાઈફલને સ્પર્શ કરવાનો ઇનકાર કરીને એક અંગ્રેજ અફસરને ઘાયલ કરીને બળવો પોકાર્યો, જેથી તેને ફાંસીની સજા થઈ. આમ, તે બળવાનો પ્રથમ શહીદ બન્યો. અંગ્રેજો આ બળવાને સહેલાઈથી દબાવી શક્યા હોત, પરંતુ થોડાંક જ અઠવાડિયાંમાં લશ્કરમાં અચાનક બળવાઓએ વેગ પકડ્યો. 10મી મે, 1857ના રોજ મેરઠમાં થયેલો સિપાઈઓનો બળવો સમગ્ર પ્રદેશમાં સામાન્ય બળવાના સંકેતરૂપ હતો. આ બળવામાં મેરઠના સિપાઈઓએ તેમના અંગ્રેજ અફસરોની હત્યા કરી અને બળવાખોર ટુકડીઓએ દિલ્હી તરફ કૂચ કરી. 11મી મે એ મોગલ પાદશાહ બહાદુરશાહ બીજાને તેઓએ ભારતના પાદશાહ તરીકેનું પોતાનું સ્થાન ફરી સંભાળી લેવાની અપીલ કરી. બળવામાં જોડાવા માટેનાં અનેક ભયસ્થાનો હોવા છતાં બહાદુરશાહ બીજાએ કાંટાળો તાજ સ્વીકારી લીધો અને 1857ના બળવાનું નેતૃત્વ લઈ તેને દોરવણી આપી, જેથી દિલ્હી મહાન બળવાનું મુખ્ય કેન્દ્ર બન્યું અને બહાદુરશાહ બીજો તેનું પ્રતીક બન્યો. અંગ્રેજ કંપનીના લગભગ 2,32,224 સિપાઈઓમાંથી આશરે અડધા ભાગના સિપાઈઓ બળવામાં જોડાયા. મોટા ભાગના સિપાઈઓ ઉત્તર-પશ્ચિમ પ્રાંત અને અવધના ઉપલી જ્ઞાતિના હિંદુઓ હતા. તેમાંથી 1/3 ભાગના સિપાઈઓ હતા. આમ, લશ્કરમાં સમાનધર્મી જૂથો આકાર પામતાં હતાં. વર્ષો જતાં ઉપલા વર્ગના સિપાઈઓની ધાર્મિક માન્યતાઓ તેમની નોકરીઓની શરતો સાથે ઘર્ષણમાં આવી.

(i) વેલોર છાવણીની અંગ્રેજ અધિકારી કર્નલ ગીલેસ્પીએ હિન્દી સૈનિકોને ટીલાટપકાં કરવાની, દાઢી રાખવાની, મૂછો રાખવાની મનાઈ ફરમાવી. આમ, અંગ્રેજ અફસરે 1806માં હિન્દી સૈનિકોની ધાર્મિક લાગણી દુભવી. તેમની પાઘડીને બદલે તેમને કલગીવાળો સપાટ ટોપો પહેરવાનો આદેશ આપ્યો. આ ટોપો અપવિત્ર ડુક્કર અથવા પવિત્ર ગાયની ચામડીમાંથી બનેલો હતો. આથી વેલોરના હિન્દી સિપાઈઓએ બળવો કર્યો, જે ખૂબ કડકાઈથી દાબી દેવામાં આવ્યો. અંગ્રેજો સામેનો હિન્દી સિપાઈઓનો આ પ્રથમ બળવો હતો.

(ii) 1824માં બરાકપુરના સિપાઈઓએ બ્રહ્મદેશ જવાનો ઇનકાર કર્યો. કારણ કે દરિયો પાર કરવાથી તેમનો જ્ઞાતિધર્મ નષ્ટ થાય અને તેમને જ્ઞાતિબહાર મૂકવામાં આવે. તેમનો બળવો પણ ક્રૂરતાથી દાબી દેવામાં આવ્યો.

(iii) 1844માં બંગાળના લશ્કરના સિપાઈઓએ તેમને સિંધમાં દૂર મોકલતા બળવો કર્યો. સિંધુ નદી ઓળંગવાથી સિપાઈઓને જ્ઞાતિબહાર મુકાવાનો તેમજ ધર્મભ્રષ્ટ થવાનો ભય હતો. તે બળવાને પણ કચડી નાખવામાં આવ્યો.



(i) મંગળ પાડે (ii) બહાદુરશાહ

1857ના બળવાની નજીકના બનાવમાં સિપાઈઓને અપાતા રેશનના લોટમાં હાડકાંનો ભૂકો મેળવાયો હોવાનો અહેવાલ પ્રાપ્ત થયો હતો. લગભગ જાન્યુઆરી 1857માં એન્ફિલ્ડ નામે નવી રાઈફલ ભારતીય

લશ્કરમાં દાખલ કરવામાં આવી. તેમાં વપરાતી કારતૂસો મોઢેથી તોડવાની હતી, જેને માટે એવો અહેવાલ હતો કે કારતૂસો બનાવવામાં ગાય તથા ડુક્કરની ચરબીનો ઉપયોગ થયેલો હતો. તેથી અંગ્રેજોએ ભારતીયોને ધર્મભ્રષ્ટ કરવા માટે ઇરાદાપૂર્વક આમ કર્યું હતું તેવી તેમની માન્યતા બંધાઈ. અંગ્રેજોનાં આવાં પગલાંથી તેમનો ધર્મ ભયમાં હોવાની તેમની બીક દૃઢ બની.

આ ઉપરાંત વ્યવસાયના ક્ષેત્રમાં પણ સિપાઈઓમાં કેટલીક બાબતોમાં અસંતોષ પ્રવર્તતો હતો :

(1) પાયદળના પ્રત્યેક હિન્દી સિપાઈને માસિક રૂ. 7 (સાત) પગાર અપાતો. જેમાંથી 3.8 રૂપિયા ખોરાક અને 2 થી 2.8 અન્ય જીવનજરૂરી ચીજો પાછળ ખર્ચ કરતો એટલે તેને માસિક માત્ર રૂ. 1 થી 1.5ની બચત રહેતી.

(2) પ્રત્યેક હિન્દી સવારને 27 રૂપિયા મળતા, જેમાંથી તેને યુનિફોર્મ, ખોરાક અને ઘોડાની માવજત માટેનો ખર્ચ આપવો પડતો.

(3) હિન્દી સિપાઈઓમાં નોકરી, બઢતી અને પેન્શનની બાબતમાં તેમના વંશીય ગુણદોષનું પરીક્ષણ કરવામાં આવતું. તેમજ તેમના ગૌરવ અને સ્વમાન પર પ્રહાર કરતું આક્રમક વલણ અપનાવાતું. વળી, નોકરીમાં બઢતી અને પગારનો પ્રશ્ન સૌથી વધુ ગંભીર હતો, કારણ કે તે તેમની વફાદારી અને નોકરીના પાયાને સ્પર્શતો હતો. મોગલ સમયમાં લશ્કરમાં ઉપલા વર્ણના જે સિપાઈઓ ઊંચા હોદ્દાઓ ધરાવતા હતા તેમને અંગ્રેજ સમયમાં ગૌણ સ્થાન આપવામાં આવ્યું હતું, જે તેમના માટે માનહાનિ સમાન હતું.

પગારનો પ્રશ્ન પણ ગૂંચવાડાભર્યો હતો. કારણ કે હિન્દુ સિપાઈઓનાં પગારધોરણો ખૂબ જ નીચાં હતાં. તેઓ યુરોપિયન અધિકારીઓને મળતા કામગીરીના પુરસ્કાર સાથે તેની સરખામણી કરતા હતા. વળી, 25-30 વર્ષની વફાદારીપૂર્વકની સેવા બદલ ભારતીય સૈનિક વધારેમાં વધારે સૂબેદારની કક્ષાએ પહોંચી શકતો, જેનો માસિક પગાર રૂ. 60 થી રૂ. 70 હતો, જ્યારે અંગ્રેજ સૈનિક લશ્કરના કોઈ પણ ઉચ્ચ હોદ્દા સુધી બઢતી મેળવી શકતો. આમ, બંનેની આવક અને તકોમાં ઘણો મોટો તફાવત હતો.

(4) અંગ્રેજ સરકારે વિદેશમાં નોકરી કરવા બદલ સિપાઈઓને મળતી બટ્ટી (વધારાના પગાર)ની રકમ ચૂકવવાનો ઇનકાર કર્યો. એટલે સિપાઈઓના વધારાના ભથ્થાનો હક ખૂંચવી લેવાયો, જેણે સિપાઈઓની ફરિયાદોમાં વધારો કર્યો.

(5) વળી, સિપાઈઓમાં એવો ભય પ્રવર્તતો હતો કે પંજાબમાંથી નવી ભરતી કરી તેમને લશ્કરમાંથી હાંકી કાઢવામાં આવશે.

(6) અંગ્રેજ અધિકારીઓનું હિન્દી સૈનિકો પ્રત્યેનું વર્તન ઘણું તુમાખીભર્યું ને તોછડું હતું. અંગ્રેજ સાર્જન્ટ અવારનવાર તેમની પ્રત્યે ગલીચ ભાષા વાપરતો. તેમને અવારનવાર ખ્રિસ્તી પાદરીઓ દ્વારા ઉપદેશ આપતો, જેથી તેમને અંગ્રેજો ધર્મભ્રષ્ટ કરવા માંગે છે તેવી આશંકા પ્રવર્તતી.

### 30.1.2 સાંસ્થાનિક સંદર્ભ : (The Colonial Context)

1857ના બળવાનું વિશ્લેષણ કરવા માટે આપણે સાંસ્થાનિક સત્તાના સ્વરૂપ પર આપણું લક્ષ્ય કેન્દ્રિત કરીશું. આપણે સાંસ્થાનિક સત્તાએ એવાં કયાં પગલાંઓ ભર્યાં કે જેણે ભારતીય સમાજના એકેએક સ્તરના લોકોનાં હિતો પર પ્રતિકૂળ અસરો કરી, તેમને ચકાસવાનો પ્રયાસ કરીશું.

(1) ભારતીયોને સારાં પગારધોરણો તેમજ ઊંચા વહીવટી હોદ્દાઓમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા. કેટલાક બળવાઓ સમયે થયેલી જાહેરાતમાં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે આ બાબતમાં વંશીય ગુણદોષોનું ઝીણવટપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(2) કારીગર વર્ગ અને હસ્તઉદ્યોગો પર નભતા વર્ગને નુકસાન થયું. કારણ કે ઔદ્યોગિક ક્રાંતિને કારણે ઇંગ્લૅન્ડનાં યંત્રો અને કારખાનાંઓમાં તૈયાર થયેલા માલની ભારતમાં સતત આયાતને લીધે તેની હરીફાઈમાં ગૃહઉદ્યોગોલક્ષી માલ ટકી શક્યો નહીં અને ભારતીય રાજાઓનાં રાજ્યો અંગ્રેજોએ ખાલસા કરતા ભારતીય ગૃહઉદ્યોગોને મળતું પ્રોત્સાહન નષ્ટ થયું.

(3) અંગ્રેજોએ અપનાવેલી જમીન-મહેસૂલ વ્યવસ્થાથી ઘણા જમીનદારોએ પોતાની જાગીરો ગુમાવી અને ખેડૂતો સહિત ગ્રામ્ય સમાજના જુદાજુદા સ્તરના લોકો પણ ભારે જમીન-મહેસૂલની આકારણીથી જમીનવિહોણા બન્યા.

(4) દર વર્ષે જમીનદારો અને ખેડૂતોના જમીનમાલિકી હકો કંપનીની કાયદાકીય જોગવાઈના સકંજામાં આવતા. જો તેઓ ચઢેલું મહેસૂલ ભરી ન શકે તો તેમની જમીનોનું લીલામ કરવાને લગતા કાયદાથી અથવા તો કરજના કરાર નીચે તેઓનું શોષણ થતું હતું.

(5) કેટલીક જગ્યાએ આ માલિકીહકો વાણિયાઓ દ્વારા ખરીદી લેવામાં આવતા, જેઓ મોટે ભાગે બહારથી આવીને ત્યાં વસેલા હતા.

આમ, અંગ્રેજ સરકારે ભારતમાં દાખલ કરેલી નવી મહેસૂલી પદ્ધતિ તેમજ ન્યાયવિષયક પદ્ધતિ પરત્વે ભારતીય સમાજમાં અણગમો વધતો જતો હતો, જે 1857ના બળવાની પ્રક્રિયા અંગેની આપણી માન્યતાને સમર્થન આપે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. નીચેનાં વાક્યોમાં ખરાં-ખોટાંની નિશાની કરો તેમજ ખોટાં વાક્યો સુધારી ફરી લખો :
   - (i) એન્ફિલ્ડ એ જગ્યાનું નામ હતું. ..................
   - (ii) સિપાઈઓની મોટા ભાગની ભરતી પંજાબમાંથી થતી હતી. ..................
   - (iii) 1857ના બળવા પહેલાં પણ સિપાઈઓના ઘણા બળવા થયા હતા. ..................
   - (iv) દેશી રાજ્યોના જોડાણે માત્ર રાજકુંવરોને જ અસર કરી હતી. ..................
   - (v) ગ્રામ્ય મિલકતો વાણિયાઓ ખરીદતા. તેના પ્રત્યે ગ્રામ્ય સમાજમાં અણગમો પ્રવર્તતો ન હતો. ..................
   - (vi) કંપની હિન્દીઓને ઊંચા હોદ્દા આપતી. ..................
   - (vii) કંપનીની મહેસૂલી નીતિથી ઘણા જમીનદારોએ પોતાની જામીન ગુમાવી. ............

2. ઉપલા વર્ગના સિપાઈઓની ધાર્મિક માન્યતાઓ તેમની નોકરીઓની શરતો સાથે કેવી રીતે ઘર્ષણમાં આવતી તે સમજાવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

3. સિપાઈઓની દાદ-ફરિયાદોનું છ-સાત લીટીઓમાં વર્ણન કરો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

4. સાંસ્થાનિક સત્તાના ભારતીય સમાજ પર પ્રતિકૂળ અસર નીપજાવતાં કોઈ પણ બે પગલાંઓની ચર્ચા કરો.

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

## 30.1.3 જમીન-મહેસૂલ વ્યવસ્થા : (Land-Revenue Settlements)

1857ના બળવાના સ્વરૂપ વિશે ઘણો બધો વિરોધાભાસ પ્રવર્તે છે. છતાં તેનું મુખ્ય કેન્દ્રબિંદુ ભારતના ઉત્તરપશ્ચિમ કેન્દ્રએ અવધમાં દાખલ કરાયેલી જમીન-મહેસૂલ પદ્ધતિ તેમજ તાલુકદારો અને ખેડૂતો એમ બંને ક્ષેત્રોમાં મુકાયેલી [illegible]માં જ ગણાવી શકાય. અહીં આપણે તેની ચર્ચા કરીશું.

**ઉત્તરપશ્ચિમ પ્રાંતો (North-West Provinces)**

ભારતના ઉત્તરપશ્ચિમ પ્રાંતોમાં જમીન-મહેસૂલ મુકરર કરવા અંગેની કાર્યવાહીના મુખ્ય સૂત્રધાર, પ્રાદેશિક વિભાગના સૅક્રેટરી હોલ્ટ મેકેન્ઝી હતા. 1807માં નીમાયેલા બોર્ડ ઑફ કમિશ્નરે 1819 સુધી પોતાનું કાર્ય પૂર્ણ કર્યું નહીં. તેથી હોલ્ટ મેકેન્ઝીએ 1લી જુલાઈ, 1819ની તેની વિખ્યાત નોંધમાં કેટલીક ભલામણો વ્યવસ્થિત કરી. તેણે 1822ના VIIમાં કાયદાનો પાયો નાંખ્યો, જે મુજબ પ્રત્યક્ષ ગ્રામ્ય જમીનદારો અને પાટીદારો પાસેથી મહેસૂલ લેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી. તેઓ ગ્રામ્ય જ્ઞાતિઓનું સંચાલન કરતા હતા અને સામાન્યતઃ પોતાની જમીનો પર ખેતી કરતા હતા. પરંતુ આમાં ગ્રામ્ય જ્ઞાતિઓને જાળવી રાખવા માટે ગ્રામ્ય જમીનદારો અને પાટીદારો સાથેની પૂર્વગ્રહયુક્ત વ્યવસ્થાની ભલામણ કરવામાં આવી. 1840માં મહેસૂલબોર્ડના અધ્યક્ષ રૉબર્ટ માર્ટીન્સ બર્ડ અને ઉત્તરપશ્ચિમ પ્રાંતના લેફ્ટનન્ટ ગવર્નર જેઇમ્સ થોમસને તેની દરખાસ્તો રજૂ કરી, જે થોમસન-વ્યવસ્થા તરીકે ઓળખાઈ. એ વ્યવસ્થામાં પણ તાલુકદારો પરત્વેનો પૂર્વગ્રહ ચાલુ જ રહ્યો. પરંતુ માલિકીહકનું નિશ્ચિત સ્વરૂપ 1840 આસપાસ આકાર પામ્યું. વિદેશીઓ દ્વારા મૂડીરોકાણ વધતું ગયું અને મિલકત તબદીલ થવા માંડી અને સંયુક્ત જમીનોના* ભાગ પડવા માંડ્યા.

આમ, અંગ્રેજો દ્વારા ભારતના ઉત્તરપશ્ચિમ પ્રાંતોમાં અમલમાં મુકાયેલી મહેસૂલી વ્યવસ્થાનું તારણ નીચે મુજબ તારવી શકાય :

(i) તાલુકદારો પરત્વેના આવા પૂર્વગ્રહોથી તાલુકદારોને એમ લાગ્યું કે દશકા કરતાં પણ ઓછા ગાળામાં તેમનાં રાજ્યોમાંથી તેમની માલમત્તા મોટા પ્રમાણમાં પડાવી લેવામાં આવી હતી. આથી ઘણા વંશીય તાલુકદારોને નિરૂપયોગી બનાવી છોડી દીધા.

(ii) ઇચ્છિત વારસો મેળવનાર વ્યક્તિગત કે સંયુક્ત જમીનદારો પણ ભારે મહેસૂલ આકારણીના દબાવ તળે હતા. જો ગણોતિયાનું મહેસૂલ ઘટાડવામાં ન આવે તો તેઓ દેવાળું કાઢવાની સ્થિતિમાં હતા અથવા તો શાહુકારોના દયાદાન પર નભતા હતા. તેઓને ઉત્તર-પશ્ચિમ પ્રાંતોમાં 1852-53માં ચડી ગયેલાં ભરણાં માટે 104, 730 એકર જમીન વેચવાની તેમને ફરજ પડી.

**અવધ (Awadh)**

અવધ પ્રાંતને 1856ના ફેબ્રુઆરી માસમાં બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યું. ત્યાર બાદ ત્યાં થોમ્સેનિયન પદ્ધતિ પર આધારિત મહેસૂલી વ્યવસ્થા દાખલ કરવામાં આવી, જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ તારવી શકાય :

(1) સમગ્ર પ્રદેશમાં એકંદરે મહેસૂલી આકારણી ઘટાડી નાખવામાં આવી. 28માંથી 63 % જેટલી વધારે આકારણી થઈ હતી.

(2) વળી, કેટલાંક તાલુકદારી રાજ્યોમાં લગભગ 44.55 % જેટલો ઘટાડો કરવામાં આવ્યો.

(3) અંગ્રેજોએ આ રાજ્યોને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધાં તે પહેલાં ત્યાં ખેડૂતો અને તાલુકદારો વચ્ચે ધાન્યના રૂપમાં મહેસૂલ ઉઘરાવવાની પદ્ધતિ હતી. આમ છતાં તેઓ પોતાની જરૂરિયાતો પહેલાની વ્યવસ્થાથી સંતોષી શકતા હતા. પણ અંગ્રેજોએ ભારતમાં પૈસાના રૂપમાં નિશ્ચિત રકમનું મહેસૂલ ઉઘરાવવાની પ્રથા શરૂ કરી. પરંતુ આની એક અસર એ પડી કે ક્યારેક વધુ પડતી આકારણી થતી. વળી, ખેડૂતો પણ ક્યારેક મુશ્કેલીમાં મુકાતાં. જે વર્ષોમાં પાક ઓછો ઊતરે અને વર્ષ ખરાબ જાય અથવા તો ભાવ નીચા આવે તો તેને પરિણામે ખેડૂતોને ઘણું સહન કરવું પડતું અને તેમના અસંતોષની માત્રામાં વધારો થતો.

અવધ પ્રાંતના સિપાઈઓએ તેમની મુશ્કેલીઓ રજૂ કરતી આશરે 14,000 જેટલી અરજીઓ કરી હતી, જે ત્યાંની મહેસૂલી પદ્ધતિ સામેનો હતી.

## 30.2 જોડાણ ખાલસાનીતિ : (Annexations)

1818માં મરાઠાના પતન પછી અંગ્રેજ કંપની સાર્વભોમ સત્તા બની અને પ્રતિવર્ષ રાજ્યવિસ્તાર કરતી ગઈ. છેવટે ડેલહાઉસીએ ખાલસાનીતિ અમલમાં મૂકીને સતારા, નાગપુર, સંબલપુર, ઉદેપુર, ઝાંસી વગેરે રાજ્યોને ખાલસા કર્યાં. ઝાંસીની રાણી પોતાનું રાજ્ય બચાવવામાં નિષ્ફળ જતા 1857ના વિપ્લવમાં જોડાઈ.

અયોધ્યાના નવાબ વાજીદઅલીએ અંગ્રેજ કંપનીને પોતાનું રાજ્ય સુપરત કરવાનો ઇનકાર કરતાં ગેરવહીવટના બહાના તળે તેનું રાજ્ય ખાલસા કરવામાં આવ્યું. ખરેખર તો કંપનીને ત્યાં મોટા પાયા પર મૂડીરોકાણ કરીને વેપારમાં મોટો નફો મેળવવો હતો. એટલે તેણે અવધ ખાલસા કર્યું અને કંપનીને ત્યાં કપાસ તથા ગળીના વેપારમાંથી પુષ્કળ દ્રવ્ય મળ્યું.

વળી, કંપનીએ અવધના તાલુકદારોને નિઃશસ્ત્ર કરીને તેમના કિલ્લાઓ તોડી પાડ્યા. રાજ્ય ખાલસા થતાં અમુક ધંધારોજગાર બંધ પડ્યા તેથી કર્મચારીઓ અને કારીગરો બેકાર બન્યા. સરકારે જમીન-મહેસૂલ પણ વધાર્યું અને અયોધ્યાના નવાબને કલકત્તા નજરકેદ રાખ્યો. આથી અયોધ્યાની બેગમ હઝરત મહાલના નેતૃત્વ નીચે સિપાઈઓએ અને લોકોએ બળવો કર્યો.

## 30.3 ધર્મ અને સંસ્કૃતિ : (Religion and Culture)

ભારતીય ધર્મ અને સંસ્કૃતિ પણ 1857ના વિપ્લવનું એક કારણ બન્યું. વિપ્લવ પહેલાં બ્રિટિશ સરકારે સતીપ્રથા પર પ્રતિબંધ મૂકેલ, વિધવાવિવાહની છૂટને લગતો કાયદો કરેલ અને ખ્રિસ્તી બનેલ હિંદીને પણ તેની વડીલોપાર્જિત મિલકતમાં પણ વારસદાર ગણેલ. આથી રૂઢિચુસ્ત લોકોને સરકાર તેમને ધર્મભ્રષ્ટ કરવા માંગે છે તેવો ભય ફેલાયો. આ હકીકત દિલ્હીમાંથી બહાદુરશાહે પ્રસારિત કરેલ જાહેરનામાથી સિદ્ધ થાય છે. આમ, ધર્મને બચાવવા પણ 1857નો વિપ્લવ થયો એમ કહેવાય છે. વળી, વિપ્લવમાં હિંદુ અને મુસ્લિમ એક થઈને લડ્યા. તેમાં પણ બંનેના ધર્મને બચાવવાનો ખ્યાલ હતો.

### 'તમારી પ્રગતિ ચકાસો'-2

1. અવધના જોડાણ પાછળના કંપનીનો આશય સ્પષ્ટ કરતી પાંચ લીટીઓ લખો.

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

2. ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ એ પણ 1857ના વિપ્લવનું એક કારણ હતું તેની 75 શબ્દોમાં સમીક્ષા કરો.

...........................................................................................

...........................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

3. ટૂંક નોંધ લખો :

(1) થોમસન મહેસૂલી પદ્ધતિ

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

(2) અવધમાં વિપ્લવ થવાનાં મુખ્ય કારણો

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

(3) બહાદુરશાહનું જાહેરનામું

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

## 30.4 વિપ્લવનું સ્વરૂપ : (The Nature of the Revolt : Debate)

છેલ્લા ચાર દાયકાથી 1857ના વિપ્લવના સ્વરૂપ વિશે ઇતિહાસકારોએ જુદાંજુદાં મંતવ્યો વ્યક્ત કરેલ છે. અમુકે તેને માત્ર સિપાઈનો બળવો કહ્યો છે. કેટલંકે તેને બ્રિટિશ સરકાર સામેનો સામંતશાહી પ્રત્યાઘાત ગણ્યો છે, તો અન્ય ઇતિહાસકારોએ તેને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામ તરીકે વર્ણવ્યો છે.

### 30.4.1 સિપાઈઓનો બળવો : (Sepoy Mutiny)

મોટા ભાગના અંગ્રેજ ઇતિહાસકારોએ 1857ના વિપ્લવને સિપાઈઓનો બળવો કહીને તેનું મહત્ત્વ ઘટાડ્યું છે. આ માટે તેઓએ ચરબીવાળા કારતૂસો, બળવાખોર સિપાઈઓની પ્રવૃત્તિઓ અને બળવાને દાબી દેવા માટે બ્રિટિશ સરકારે કરેલી લશ્કરી હિલચાલ વગેરેને દલીલ તરીકે ટાંકેલ છે. આમાં લોકોએ વિપ્લવમાં જે ભાગ ભજવ્યો તથા તાલુકદારોએ પણ તેમાં પોતાનો સાથ આપ્યો તેની સદંતર ઉપેક્ષા કરવામાં આવી છે. આમાં વિપ્લવનાં આર્થિક, રાજકીય, સામાજિક તથા સાંસ્કૃતિક કારણોનું બિશ્લેષણ કરવામાં આવ્યું નથી. તે આ મંતવ્યની મોટી ઊણપ છે, એટલે 1857ના વિપ્લવને માત્ર સિપાઈઓનો બળવો કહી શકાય નહીં.

### 30.4.2 રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામ અથવા સામંતશાહી પ્રત્યાઘાત : (National Struggle or Feudal Reaction)

કેટલાક ઇતિહાસકારોએ આ વિપ્લવને સરકાર સામેનો સામંતશાહી પ્રત્યાઘાત ગણાવ્યો છે. ડેલહાઉસીએ અમુક રાજ્યો ખાલસા કર્યાં તેની સાથે ઇનામ કમિશન મારફત ઘણા તાલુકદારો અને જમીનદારોની બિનદસ્તાવેજી જમીન જપ્ત કરી. એટલે મોટા ભાગના તાલુકદારો જમીનવિહોણા બનતા તેઓ 1857ના વિપ્લવમાં જોડાયા. એટલું જ નહીં પરંતુ કેટલાંક સ્થળોએ તેની નેતાગીરી પણ લીધી. એટલે અમુક ઇતિહાસકારો આ વિપ્લવને સરકાર સામેનો સામંતશાહી પ્રત્યાઘાત કહેવા પ્રેરાયા છે. પરંતુ આ વિપ્લવમાં સિપાઈઓની સાથે સામાન્ય લોકોએ પણ મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો, એટલે આ મંતવ્ય યોગ્ય નથી.

કેટલાક ઇતિહાસકારો 1857ના વિપ્લવને પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ કહે છે. વી.ડી. સાવરકરે 1902માં '1857નો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ' નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. ત્યાર બાદ આ વિવાદની શરૂઆત થઈ. જોકે આ પુસ્તક ઉપર ભારતમાં બ્રિટિશ શાસનના અંત સુધી પ્રતિબંધ રહ્યો હતો.

આ વિપ્લવને સ્વાતંત્ર્ય સંગ્રામ નહીં કહેવામાં દલીલ કરવામાં આવે છે કે આમાં કોઈ કેન્દ્રિય સંગઠન ન હતું. વિપ્લવના નેતાઓમાં રાષ્ટ્રીય ભાવના ન હતી. તેમનામાં લોકશાહી ખ્યાલ ન હતો. તેઓ રાજાશાહી પાછી લાવવા માગતા હતા. આ વિપ્લવ તો મધ્યયુગી તાલુકદારો અને મધ્યયુગી સિપાઈઓનો બ્રિટિશ સરકાર સામેનો ભયંકર આક્રોશ હતો એટલે તેને સ્વાતંત્ર્ય સંગ્રામ કહેવો યોગ્ય નથી પરંતુ તેમાં બ્રિટિશ સરકાર સામે સિપાઈઓની સામે લોકોનો સખત વિરોધ જોતાં, હિંદુ-મુસ્લિમ એકતાને ખ્યાલમાં રાખતાં તેને વિદેશી સરકાર સામેનો સામૂહિક બળવો ગણવો જોઈએ. તે ભલે સ્વાતંત્ર્ય સંગ્રામ ન કહેવાય તોપણ ભવિષ્યની સ્વાતંત્ર્ય લડતોને પ્રેરણા પૂરી પાડે છે.

## 30.5 વિવિધ અભિપ્રાયો વિષેનું વિશ્લેષણ : (Analysis of Various Opinions)

જુદાજુદા ઈતિહાસકારોના 1857ના વિપ્લવ વિશેનાં ઉપરોક્ત મંતવ્યો એકપક્ષીય તેમજ અપૂર્ણ કહેવાય. તેઓએ આ વિપ્લવનાં ઊંડાં સામાજિક, આર્થિક તથા રાજકીય પરિબળોને લક્ષમાં લીધાં નથી. વિપ્લવ એ એક આકસ્મિક બનાવ ન હતો, પરંતુ વર્ષોની મહેસૂલી, વહીવટી, આર્થિક તેમજ અન્યાયી લશ્કરી નીતિનું પરિણામ હતું. બધા જ તાલુકદારોએ વિપ્લવમાં ભાગ લીધો ન હતો. અમુક તાલુકદારો સરકારને વફાદાર રહ્યા હતા. વળી, રાજાઓ તો મોટે ભાગે તટસ્થ કે સરકાર તરફી હતા. મહાજન તથા શિક્ષિત વર્ગે વિપ્લવમાં કોઈ ભાગ ભજવ્યો ન હતો. આમ, વિપ્લવનું સાચું સ્વરૂપ સમજવા માટે કંપનીના શાસન (1765 થી 1857) સુધીનાં તમામ પરિબળોનું વિશ્લેષણ કરવું જરૂરી છે. કોઈ પણ બનાવનું એક જ પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન થઈ શકે નહીં.

## 30.6 સર્વસામાન્ય વિધાન યોગ્ય નહિ : (General Statement not Proper)

અમુક ઈતિહાસકારો એમ માને છે કે વિપ્લવનાં મૂળ ખેડૂતો અને સામાન્ય લોકોની ગરીબીમાં રહેલાં હતાં. ભારે મહેસૂલ પદ્ધતિએ ખેડૂતોને પાયમાલ કર્યા હતા. આમાં અલાહાબાદ, ઈટાવા અને સહરાનપુરના ખેડૂતો અને તાલુકદારો વધારે પાયમાલ થયા હતા. તેથી તેઓએ વિપ્લવમાં અગ્રભાગ ભજવ્યો હતો. આ વિપ્લવમાં જેમની જમીન જપ્ત થઈ હતી તેવા તાલુકદારોએ અગ્રભાગ ભજવ્યો હતો. ખાસ કરીને દોઆબ પ્રદેશના તાલુકદારો સરકારની મહેસૂલી તથા જપ્તીનીતિથી પાયમાલ થયા હતા. એટલે તેઓએ વિપ્લવનું સુકાન સંભાળ્યું હતું. પરંતુ આ મંતવ્યમાં તાલુકદારોના વિપ્લવમાંના હિસ્સાને વધારે પડતું મહત્ત્વ અપાયું છે અને લોકોના હિસ્સાનું અવમૂલ્યન કરાયું છે.

વિપ્લવના ઘણા મુસ્લિમ અને હિંદુ નેતાઓ સામાન્ય કોટિના હતા. આમ છતાં તેઓને તાલુકદારો તરફથી પ્રેરણા મળી હતી તે હકીકત સત્ય છે. પરંતુ તાલુકદારો જ વિપ્લવના પ્રેરણાસ્રોત હતા તેમ કહેવું વધારે પડતું છે. વિપ્લવ સમયના પ્રાપ્ત થયેલા આંકડા મુજબ અવધમાં તો 3/4 વસ્તીએ વિપ્લવમાં ભાગ લીધો હતો. વળી, વિપ્લવ દરમિયાન સરકારે જપ્ત કરેલાં હથિયારો પણ સામાન્ય લોકોનાં રહેઠાણોમાંથી પ્રાપ્ત થયાં હતાં, એટલે આ વિપ્લવ માત્ર તાલુકદારો દ્વારા પ્રેરિત હતો તેમ કહી શકાય નહીં. આમ, વિપ્લવ વિશેનું કોઈ પણ સર્વસામાન્ય વિધાન વૈજ્ઞાનિક કહી શકાય નહીં.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. 1857ના વિપ્લવના સ્વરૂપ વિશે આઠ લીટીઓ લખો.

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

2. વિપ્લવને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામ ગણાય ? દૃષ્ટાંતો સાથે છ લીટીઓમાં ચર્ચા કરો.

3. નીચેના પ્રત્યેક વિશે ચાર-ચાર વાક્યો લખો :

(1) 1857નો વિપ્લવ સરકાર સામેનો સામંતશાહી પ્રત્યાઘાત

(2) 1857ના વિપ્લવ પ્રત્યેનું સર્વસામાન્ય વિધાન

(3) 1857ના વિપ્લવમાં તાલુકદારોએ ભજવેલો ભાગ

## 30.7 સારાંશ : (Let us Sum Up)

આ એકમનો અભ્યાસ કર્યા બાદ 1857ના વિપ્લવની વાસ્તવિક પૂર્વભૂમિકા, તેનાં વિવિધ પરિબળો, તેમાં ભાગ ભજવનાર સિપાઈઓ અને લોકો, તેમની મુશ્કેલીઓ અને ફરિયાદો વગેરેનો ખ્યાલ મેળવી શકાશે.

આ એકમની જાણકારી પછી બ્રિટિશ સરકારની સાંસ્થાનિક નીતિ અને તેને પરિણામે થયેલ વિપ્લવનું વાસ્તવિક સ્વરૂપ પણ જાણી શકાશે. વળી, વિપ્લવના સ્વરૂપ વિશે વ્યક્ત થયેલાં જુદાંજુદાં મંતવ્યો પરથી એ તારણ કાઢી શકાય કે કોઈ પણ વિપ્લવ ક્રાંતિ કે બનાવ વિશે સર્વસામાન્ય વિધાન વૈજ્ઞાનિક કહેવાય નહીં.

## 30.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો :

### 'તમારી પ્રગતિ ચકાસો'-1

1. જુઓ પેટા વિભાગ 30.1.1
2. જુઓ પેટા વિભાગ 30.2.1

3. જુઓ પેટા વિભાગ 30.1.2
4. જુઓ પેટા વિભાગ 30.1.2
5. જુઓ પેટા વિભાગ 30.1.2
2. જુઓ પેટા વિભાગ 30.1.1
3. જુઓ પેટા વિભાગ 30.1.1
4. જુઓ પેટા વિભાગ 30.1.2

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જુઓ પેટા વિભાગ 30.1.3
2. જુઓ પેટા વિભાગ 30.3
3. (1) જુઓ પેટા વિભાગ 30.1.3
   (2) જુઓ પેટા વિભાગ 30.2

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. જુઓ પેટા વિભાગ 30.4, 30.4.1, 30.4.2, 30.5
2. જુઓ પેટા વિભાગ 30.4.2
3. (1) જુઓ પેટા વિભાગ 30.4.2
   (2) જુઓ પેટા વિભાગ 30.6

## 30.9 ચાવીરૂપ શબ્દો : (Key Words)

**ભથ્થાં :** નિયમિત પગાર ઉપરાંત ખાસ પ્રકાર કે વધારાની સેવા માટે મળતી વિશેષ રકમ

**ઈલાકા :** જમીનનો – પ્રદેશનો વિસ્તાર

**પાટીદાર :** ગામડામાં જમીનની સંયુક્ત માલિકી ધરાવનાર

**તાલુકદાર :** ગામડામાં જાગીર ધરાવનાર તથા જાગીરમાંથી પોતાના ખેડૂતો પાસેથી જમીન-મહેસૂલ વસૂલ કરનાર જમીનદાર.

**વાણિયા-બનિયા :** ધીરધાર કરનાર શાહુકાર

# એકમ : 31 1857નો વિપ્લવ – બનાવો અને પરિણામો : (Revolt of 1857 – Course and Aftermath)

રૂપરેખા


31.0 હેતુઓ તથા પ્રસ્તાવના
31.1 વિપ્લવની મુખ્ય ઘટનાઓ
31.2 સૈનિકોનો બળવો
31.3 લોકોનો બળવો
31.4 બળવાખોરોનું આયોજન
31.5 બ્રિટિશ સરકારના દમન દ્વારા તેનો અંત
31.6 વિપ્લવના મુખ્ય નેતાઓ
31.7 પરિણામો
31.7.1 રાજાઓ
31.7.2 જમીનદારો
31.7.3 સૈનિકો
31.8 વિપ્લવ બાદની બ્રિટિશ સરકારની નીતિ
31.9 સારાંશ
31.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
31.11 ચાવીરૂપ શબ્દો
આ વિભાગને લગતાં ઉપયોગી પુસ્તકો


## 31.0 હેતુઓ અને પ્રસ્તાવના :

એકમ 30માં 1857ના વિપ્લવનાં કારણો અને સ્વરૂપનું પૃથ્થકરણ કર્યા બાદ આ એકમમાં વિપ્લવની મુખ્ય ઘટનાઓ અને તેનાં પરિણામોની ચર્ચા કરવામાં આવી છે. વિપ્લવનો વિસ્તાર દિલ્હી, લખનૌ, કાનપુર વગેરેમાં તેની ઉગ્રતા, વિપ્લવ દરમિયાન વિપ્લવકારીઓએ રચેલ વહીવટીતંત્ર, સરકારે દમનનીતિ દ્વારા વિપ્લવનું કરેલું શમન તથા વિપ્લવનાં પરિણામો અને વિપ્લવ પછીની સરકારની નીતિની જાણકારી આપવામાં આવી છે.

મે, જૂન, જુલાઈ 1857માં આગ્રા, અલાહાબાદ અને બનારસ સિવાયના ઉત્તર ભારતના ઘણા પ્રદેશોમાં વિપ્લવ ફેલાયો. અવધ, કાનપુર, રોહિલખંડ, બુંદેલખંડ, ઝાંસી, બિહારમાં જગદીશપુર વગેરે તેનાં મુખ્ય કેન્દ્રો હતા. આ ઉપરાંત મધ્ય ભારતમાં ઇંદોર, મ્હાવ, ધાર, મંડુ, રાજસ્થાનમાં અજમેર, આબુ, નિમજ, ગુજરાતમાં અમદાવાદ, પાટણ, આણંદ, ગોધરા, ભરૂચ વગેરે તથા દક્ષિણમાં કોલ્હાપુર, સામંતવાડી, નારગુંડ, સતારા વગેરેમાં પણ વત્તા-ઓછા પ્રમાણમાં વિપ્લવ ફેલાયો હતો.


1858ના અંત સુધીમાં સરકારે ભારે દમનનીતિ આચરીને વિપ્લવને કચડી નાંખ્યો. તેમાં શીખ તથા ગુરખા સૈનિકો તેમજ ઇંગ્લૅન્ડથી મંગાવેલા વધારાના લશ્કરે મુખ્ય ભાગ ભજવ્યો. વળી, આ એકમમાં વિપ્લવ પછીની બ્રિટિશ સરકારની નીતિમાં જે પરિવર્તન આવ્યું તેનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે.

## 31.1 વિપ્લવની મુખ્ય ઘટનાઓ : (Main Events of the Revolt)

1857માં ભારતના લશ્કરમાં 2,32,000 ભારતીય સૈનિકો તથા 45,000 જેટલા યુરોપિયન સૈનિકો હતા. એટલે ભારતીય અને અંગ્રેજી સૈનિકોનું પ્રમાણ 7:1 હતું.

10મી મે 1857ના રોજ મીરતમાં વિપ્લવની શરૂઆત થઈ અને મીરતના બળવાખોરો 11મી મે એ દિલ્હી પહોંચ્યા. અને અંતિમ મોગલ બાદશાહ બહાદુરશાહે તેમની અપીલને માન આપીને તેમનું નેતૃત્વ

સ્વીકાર્યું. આમ, સૌપ્રથમ દિલ્હી બળવાખોરોના કબજામાં આવ્યું. ત્યાર બાદ કાનપુર, અલીગઢ, ઇટાવા, ઝાંસી, બરેલી, મથુરા, નિમજ, લખનૌ વગેરે પ્રદેશમાં વિપ્લવ ફેલાયો. સપ્ટેમ્બર 1857થી મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત તથા મહારાષ્ટ્રનાં ઉપર નિર્દેશિત શહેરોમાં પણ વત્તા-ઓછા પ્રમાણમાં વિપ્લવના બનાવો બન્યા. આ ઉપરાંત, મધ્યપ્રદેશમાં રાંચી, ભાગલપુર, નાગદા અને જબલપુરમાં પણ વિપ્લવની ઘટનાઓ બની. દિલ્હી, કાનપુર, ઝાંસી તથા લખનૌમાં વિપ્લવની ઉગ્રતા સૌથી વિશેષ હતી.



દિલ્હીમાં બળવાખોરો

## 31.2 સૈનિકોનો બળવો : (The Revolt of the Army)

એવી વાત ફેલાઈ હતી કે વિપ્લવ 30મી મે, 1857ના રોજ એકસાથે ભારતના બધા પ્રદેશોમાં શરૂ કરીને ભારતમાંથી વિદેશી સત્તાનો અંત લાવવાનો હતો. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે મેરઠમાં 10મી મે, 1857ના રોજ વિપ્લવની શરૂઆત થતા ઘટનાઓમાં આયોજન રહ્યું નહીં અને જુદાંજુદાં સ્થળોએ અલગ-અલગ રીતે સૈનિકોએ વિપ્લવની શરૂઆત કરી. અલબત્ત અમુક અમુક જગ્યાએ તેમાં સંકલન ન હતું. પરંતુ તેમાં કોઈ કેન્દ્રિય સંગઠન ન હતું. અવધમાં બ્રિટિશ સરકારે વધારેમાં વધારે અન્યાય કર્યો હતો, તેથી ત્યાંના સૈનિકો તથા લોકોએ આ વિપ્લવમાં સૌથી વધુ ભાગ લીધો હતો. તેમની સંખ્યા આશરે 1,50,000 હતી. સિપાઈઓની નીતિ બ્રિટિશરોની તિજોરી લૂંટવાની, જેલો તોડવાની, અંગ્રેજોના ઘરબારનો નાશ કરવાની હતી. સામા પક્ષે બ્રિટિશ લશ્કરે પણ આવી નીતિ અપનાવી હતી. આમ, બંને પક્ષે મધ્યયુગી લશ્કરી નીતિ હતી.

## 31.3 લોકોનો બળવો : (The Revolt of the People)

1857નો વિપ્લવ એ માત્ર સિપાઈઓનો બળવો ન હતો, પરંતુ તેમાં લોકોએ પણ મોટા પ્રમાણમાં ભાગ લીધો હતો. એક ગામથી બીજે ગામ ચપાટી પસાર કરવામાં આવતી, જે લોકમાન્યતા પ્રમાણે વિપ્લવમાં જોડાવાના ચિહ્નરૂપ હતી. વળી, કારતૂસોમાં લગાડેલી ગાય અને ડુક્કરની ચરબી, લોટમાં ભેળવવામાં આવેલ હાડકાંનો ભૂકો, ફરજિયાત ધર્માન્તર વગેરે એ પણ બ્રિટિશ સરકાર સામે લોકોને વિપ્લવ કરવા ઉશ્કેર્યા હતા.

ભારતના વિપ્લવગ્રસ્ત પ્રદેશોમાં લગભગ એકસરખી નીતિ હતી. વિપ્લવકારીઓ બ્રિટિશ અધિકારીઓ, મહેસૂલી અધિકારીઓ, પોલીસો, શાહુકારો વગેરે પર હુમલા કરતા, તિજોરીઓ લૂંટતા, કેદીઓને જેલમુક્ત કરતા અને અંગ્રેજોના બંગલાઓને આગ લગાડતા.

વળી, બ્રિટિશ સરકારની આર્થિક શોષણનીતિથી લોકોએ કોલસાની ખાણોને નુકસાન કરેલ નહેરોના પાળા તોડી કાઢીને બ્રિટિશ લશ્કર આગળ વધી ન શકે તે માટે પાણી વહેવડાવ્યું હતું. રેલવે અને કારખાનાંઓ પર પણ હુમલાઓ કરવામાં આવ્યા હતા. બ્રિટિશ સરકારે સખત દમનનીતિથી બળવાને દાબી દીધો તોપણ તે બળવાખોરોની એકતાથી પ્રભાવિત થઈ હતી. સરકારે ઘણાને લાલચ આપવા તેમજ હિંદુ-મુસ્લિમ એકતાને તોડવાના પ્રયત્નો કર્યા પણ તેમાં તેઓ નિષ્ફળ ગયા.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. 1857ના વિપ્લવનાં મુખ્ય કેન્દ્રો વિષે આઠ લીટીઓ લખો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

2. 1875ના બળવાખોરોની નીતિરીતિઓ વિશે ચર્ચા કરો.

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

........................................................................................................................

3. ભારતનો નકશો દોરીને તેના પર વિપ્લવનાં મુખ્ય કેન્દ્રો દર્શાવો.

## 31.4 બળવાખોરોનું આયોજન : (Organisation of Rebels)


1857ના વિપ્લવકારીઓનું ધ્યેય માત્ર બ્રિટિશ સરકારને ઉથલાવી પાડવાનું ન હતું, પરંતુ તેને નાબૂદ કરીને તેની જગ્યાએ વહીવટી સંગઠન રચવાનું હતું. તેનાં અમુક દૃષ્ટાંતો વિપ્લવ દરમિયાન પ્રાપ્ત થયાં છે. દા.ત., વિપ્લવકારીઓએ દિલ્હી કબજે કર્યા પછી બહાદુરશાહે તુરત જ રાજપૂતાનાના રાજાઓને પત્ર પાઠવીને વિપ્લવમાં સહકાર આપવાની અપીલ કરી હતી અને તેમાં તેઓને યોગ્ય લાગે તેવું ભારતીય અર્થતંત્ર સ્થાપવાનો નિર્દેશ કર્યો હતો.

બળવાખોરોએ દિલ્હી કબજે કર્યા બાદ ત્યાં વહીવટીતંત્ર સ્થાપવામાં આવ્યું હતું, જેમાં 10 સભ્યો હતા. તેમાંથી 6 લશ્કરના અને 4 બિન લશ્કરના હતા.

અવધમાં પોતાના સગીર પુત્ર બિરજાસ કાદરના નામે બેગમ હજરત મહાલે યોગ્ય શાસનવ્યવસ્થા સ્થાપી હતી, જેમાં તાલુકદારો તથા લોકોએ સારો સહકાર આપ્યો હતો. વળી, અવધનું વહીવટીતંત્ર દીવાની અધિકારીઓ તથા લશ્કરી અધિકારીઓનું બનેલું હતું. આ વ્યવસ્થા માર્ચ 1858માં અવધના થયેલા પતન સુધી ચાલુ રહી.

લશ્કરના સિપાઈઓને નિયમિત પગાર આપવાના પ્રયત્નો કરાતા. આ માટે અવધ અને લખનૌની સ્ત્રીઓએ પોતાનાં ઘરેણાં આપ્યાં હતાં. એટલું જ નહીં પરંતુ બળવાખોરોએ જે પ્રદેશો કબજે કર્યા હતા ત્યાં ખેડૂતોને મહેસૂલમાં રાહત અપાઈ હતી અને સૈનિકોને નિયમિત પગાર ચૂકવાતો હતો.


## 31.5 બ્રિટિશ સરકારનું દમન અને વિપ્લવનો અંત : (Suppression by the British)



વિપ્લવ મેરઠમાં 10મી મે એ શરૂ થયો અને એપ્રિલ 1859માં તાત્યા ટોપેને ફાંસી અપાઈ ત્યારે છેવટે તેનો અંત આવ્યો. આમ, વિપ્લવ લગભગ દોઢ વર્ષ જેટલી મુદત સુધી ચાલુ રહ્યો. તેને વહેલો દબાવી દેવાના સરકારના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. જુલાઈ 1857માં ઇંગ્લૅન્ડથી 39,000 સૈનિકોનું તાજું લશ્કર આવી પહોંચતા સરકારની લશ્કરી તાકાત વધી. અને ઑગસ્ટમાં સરકારે બિહારનાં વિપ્લવકારી કેન્દ્રો કબજે કર્યાં. ઘમસાણ લડાઈ પછી સપ્ટેમ્બર 1857માં સરકારી દળોએ દિલ્હી તાબે કર્યું. અવધ અને લખનૌમાં ભયંકર લડાઈ ચાલુ રહી. લખનૌ તાબે કરતા માર્ચ 1858માં સરકારી દળો અવધ અને લખનૌ પર કબજો મેળવી શક્યાં. અવધ અને લખનૌની લડાઈમાં લગભગ 1 લાખ લોકો મરાયા હોવાનો અંદાજ છે.

સપ્ટેમ્બર, ઑક્ટોબર 1858માં અવધના જુદાજુદા પ્રદેશોમાં વિપ્લવકારીઓએ સરકારી દળોનો ભારે સામનો કર્યો, પરંતુ છેવટે સરકારી દળો તેમને વિખેરી નાખવામાં સફળ થયાં.

મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત તથા દખ્ખણમાં વિપ્લવના છૂટાછવાયા બનાવોને પણ સરકારે ડિસેમ્બર 1858 સુધીમાં સખત દમનનીતિથી શમાવી દીધા. તાત્યા ટોપેએ છેક માર્ચ 1859 સુધી બ્રિટિશ સરકાર સામે વિપ્લવનો વાવટો ફરકતો રાખ્યો. તે ગુજરાતમાં 15 દિવસ સુધી રહ્યો અને સરકારી દળોને હંફાવ્યાં. છેવટે સરકારનાં એકત્રિત દળો સામે તેને વાંસવાડાનાં જંગલોમાં આશરો લેવો પડ્યો. આમ, માર્ચ 1859 સુધીમાં વિપ્લવ તદ્દન બુઝાઈ ગયો.



તાત્યા ટોપે લક્ષ્મીબાઈ નાનાસાહેબ

## 31.6 વિપ્લવના મુખ્ય નેતાઓ : (Main Leaders of the Revolt)

વિપ્લવના મુખ્ય નેતાઓએ ત્યાગની ભારે ભાવના દર્શાવી. ઝાંસીની રાણી, લક્ષ્મીબાઈ લડતા લડતા જૂન 1858માં શહીદ થઈ. કાનપુરના વિપ્લવના મુખ્ય નેતા નાનાસાહેબ પેશ્વાએ પરાજિત થયા પછી નેપાળમાં આશરો લીધો. ત્યાર બાદ તેનું શું થયું તે વિશે હજીયે ઇતિહાસકારોમાં જુદાંજુદાં મંતવ્યો પ્રવર્તે છે. તેણે અંતિમ વર્ષો સૌરાષ્ટ્રના શિહોર પાસે ગાળ્યાં હોવાની માન્યતા છે. આરાહ (બિહાર)ના વીરનેતા કુવરસિંહ બ્રિટિશ દળોને ભારે શિકસ્ત આપ્યા પછી ઘવાવાથી મે 1858માં શહીદ થયા. બેગમ હઝરત મહાલે નેપાળમાં આશ્રય લીધો.

મૌલવી અહમદશાહ, અવધના તાલુકદાર નરપતસિંહ શંકરદેવ, રાયબરેલીના બખ્તખાન વગેરે લડતા-લડતા મૃત્યુ પામ્યા. તાત્યા ટોપેએ જૂન 1858થી માર્ચ 1859 સુધી બ્રિટિશ દળો સામે સતત સંઘર્ષ ખેલ્યો. છેવટે એપ્રિલ 1859માં તેને ફાંસી અપાઈ. આ માટે પણ ઇતિહાસકારોમાં વિવાદ છે. અને તાત્યા ટોપેએ જીવનનાં અંતિમ વર્ષો ગુજરાતમાં નવસારી મુકામે વિતાવ્યાં હોવાનો વિવિધ ગ્રંથોમાં ઉલ્લેખ છે.

આમ, બ્રિટિશ સરકારની ભારે સશસ્ત્ર તાકાત સામે વિપ્લવકારીઓએ મર્યાદિત સાધનો અને મર્યાદિત શસ્ત્રો સાથે દોઢ વર્ષ સુધી સંઘર્ષ ખેલ્યો તે નોંધપાત્ર હકીકત કહેવાય.

### 'તમારી પ્રગતિ ચકાસો'-2

1. વિપ્લવકારીઓએ સ્થાપેલ વહીવટીતંત્રનું નિરૂપણ કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. વિપ્લવ દાબી દેવા બ્રિટિશ સરકારે અખત્યાર કરેલી દમનનીતિનું 100 શબ્દોમાં વર્ણન કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3. વિપ્લવના મુખ્ય નેતાઓના ભાવિ વિશે ટૂંક નોંધ લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 31.7 પરિણામો : (Aftermath)

1857નો વિપ્લવ છેવટે નિષ્ફળ ગયો તોપણ તેનાં ઘણાં તાત્કાલિક અને દૂરગામી પરિણામો આવ્યાં. વિપ્લવનો અંત લાવવામાં બ્રિટિશ સરકારને ભારતના રાજાઓ, મોટા જમીનદારો તરફથી સારો એવો સહકાર મળ્યો હતો. વિપ્લવને પરિણામે ભારત પ્રત્યેની બ્રિટિશની રાજકીય, આર્થિક, સામાજિક, લશ્કરી તથા ધાર્મિક નીતિમાં ભારે પરિવર્તન આવ્યું.

### 31.7.1 રાજાઓ : (Princes)

1857ના વિપ્લવનું મુખ્ય કારણ ડેલહાઉસીએ અમલમાં મૂકેલી ખાલસાનીતિ હતું. આથી બ્રિટિશ સરકારે ખાલસાનીતિનો ત્યાગ કર્યો. વડોદરા, ગ્વાલિયર, હૈદ્રાબાદ, પતિયાળા, રાયપુર અને રેવાના રાજાઓએ 1857ના વિપ્લવ વખતે બ્રિટિશ સરકારની સારી એવી સહાય કરી હતી. વાઇસરૉય કેનિંગના કથન પ્રમાણે જો આ રાજાઓએ બ્રિટિશ સરકારને સહાય કરી ન હોત તો કદાચ 1857માં જ ભારતમાંથી બ્રિટિશ શાસન અસ્ત પામ્યું હોત.

આથી નવેમ્બર 1858ના મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરામાં જાહેર કરવામાં આવ્યું કે હવેથી બ્રિટિશ સરકાર ભારતમાં રાજ્યવિસ્તાર કરશે નહીં અને રાજાઓનો દત્તક લેવાનો અધિકાર ચાલુ રાખશે. સરકારે બદલા તરીકે વડોદરા, ભોપાલ, ગ્વાલિયર, પતિયાળા અને રામપુરના રાજાઓને ‘સ્ટાર ઑફ ઇન્ડિયા’ અને ‘નાઇટ હૂડ’ના ખિતાબો આપ્યા. કેટલાકને વધારાના પ્રદેશો આપી ખુશ કર્યા. આમ છતાં બ્રિટિશ સરકારે સ્પષ્ટ કર્યું કે કોઈ પણ રાજ્યમાં અંધાધૂંધી થશે તો બ્રિટિશ સરકાર તે રાજ્યનો કામચલાઉ કબજો લેશે.

### 31.7.2 જમીનદારો : (Landlords)

નાના તાલુકદારોએ 1857ના વિપ્લવમાં ભાગ લીધો હતો. પરંતુ મોટા જમીનદારોએ રાજાઓની માફક બ્રિટિશ સરકારને સાથ આપ્યો હતો. આથી સરકારે આવા જમીનદારોની જપ્ત થયેલી જમીનો પાછી આપી તથા જમીનદારોની જપ્ત થયેલી મિલકત પણ તેમને પાછી સુપરત કરી. આ ઉપરાંત જમીનદારોને વધારાના કેટલાક મહેસૂલી હકો આપવામાં આવ્યા અને તેમના પોતાના ગામડામાં વહીવટી તેમજ મહેસૂલી અધિકારો પુનઃ ચાલુ કરવામાં આવ્યા.

### 31.7.3 લશ્કર : (The Army)

1857ના વિપ્લવના અંત બાદ સરકારે ભારતીય લશ્કરમાં મોટા ફેરફારો કર્યા. અવધ, બિહાર અને મધ્ય ભારતના સૈનિકોની ભરતી ખૂબ ઓછી કરી. ઉચ્ચ વર્ણના લોકોની સૈનિકો તરીકેની ભરતી સદંતર બંધ કરી. લશ્કરમાં અંગ્રેજોની સંખ્યા વધારી શીખ, ગુરખા, પઠાણ વગેરેએ સરકારને વિપ્લવનું શમન કરવામાં સહાય કરી હતી, માટે તેમની અલગ-અલગ ટુકડીઓ બનાવવામાં આવી, અને તેમની મોટા પ્રમાણમાં ભરતી કરવામાં આવી. જુદીજુદી જાતિઓ વચ્ચેની એકતા રોકવા ભીલ, કોળી વગેરેની લશ્કરમાં ભરતી કરવામાં આવી. લશ્કરમાં ધાર્મિક પ્રવૃત્તિ સદંતર બંધ કરવામાં આવી.

## 31.8 વિપ્લવ બાદની બ્રિટિશ સરકારની નીતિ : (British Policy After the Revolt)

1858ના બ્રિટિશ સરકારના ધારાએ ભારતમાંથી કંપનીનું રાજ્ય નાબૂદ કર્યું અને ભારતમાં બ્રિટિશ સરકારનું સીધું શાસન શરૂ કર્યું. નવેમ્બર 1858ના રાણી વિક્ટોરિયાના જાહેરનામા પ્રમાણે જે વિપ્લવકારીઓએ અંગ્રેજોની હત્યામાં ભાગ નહીં લીધો હોય તેમને માફ કરવામાં આવશે. હિંદીઓને લાયકાત પ્રમાણે ઊંચા હોદાઓ આપવામાં આવશે.

હિંદની સાંસ્કૃતિક પરંપરા પ્રત્યે આદર રાખવામાં આવશે તથા દરેકને પૂરેપૂરી ધાર્મિક છૂટછાટ રહેશે. મુસ્લિમોએ 1857ના વિપ્લવમાં અગ્રભાગ ભજવ્યો હતો એટલે 1870 સુધીની બ્રિટિશ નીતિ મુસ્લિમ વિરોધી અને હિંદીઓની તરફેણ કરનારી હતી. પરંતુ સર સૈયદ અહમદખાને 1870થી બ્રિટિશ સરકારની આ નીતિ બદલવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. અલીગઢ કૉલેજના અંગ્રેજ બેક તથા સર સૈયદ અહમદખાનના પ્રયાસોથી 1870 બાદ અંગ્રેજ સરકારની નીતિ મુસ્લિમની તરફદારી કરતી થઈ.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. વિપ્લવના અંત બાદ બ્રિટિશ સરકારના રાજાઓ પ્રત્યેના વલણ વિશે પાંચ લીટીઓ લખો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

2. વિપ્લવ બાદ બ્રિટિશ સરકારની જમીનદારો અને તાલુકદારો પ્રત્યેની નીતિ વિશે 50 શબ્દો લખો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

3. વિપ્લવ બાદ બ્રિટિશ સરકારે લશ્કરમાં કરેલા ફેરફારો અંગેનું વર્ણન છ લીટીમાં કરો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરા અંગેની મુખ્ય બાબતો 100 શબ્દોમાં નિરૂપો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

## 31.9 સારાંશ : (Let us Sum Up)

આ એકમમાં વિપ્લવનાં મુખ્ય કેન્દ્રો, ઉત્તર ભારત પૂરતા સીમિત હતાં. તથા દખ્ખણ અને ગુજરાતમાં માત્ર છૂટાછવાયા બનાવો બન્યા હતા તેની જાણકારી આપવામાં આવી. વિપ્લવની મધ્યયુગી પદ્ધતિ તેમજ તેના આયોજન વિશેનું પણ આ એકમમાં વિવરણ કરવામાં આવ્યું. વિપ્લવને શમાવવામાં બ્રિટિશ સરકારને ભારે જહેમત ઉઠાવવી પડી અને બ્રિટિશ સરકારને તેને દબાવવાના સતત પ્રયત્નો છતાં તે દોઢ વર્ષ ઉપરાંત ચાલુ રહ્યો.

વિપ્લવના અંત સાથે અંગ્રેજ કંપનીનું શાસન ભારતમાંથી અસ્ત પામ્યું અને બ્રિટિશ સરકારનું સીધું શાસન સ્થપાયું. તેને પરિણામે ભારતની રાજકીય, વહીવટી, આર્થિક, સામાજિક, ધાર્મિક વગેરે નીતિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું તથા ભારતમાં એક નવા યુગની શરૂઆત થઈ.

## 31.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો :

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ વિભાગ 31.0, 31.1
2. જુઓ વિભાગ 31.3
3. જુઓ વિભાગ 31.3

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જુઓ વિભાગ 31.4
2. જુઓ વિભાગ 31.5
3. જુઓ વિભાગ 31.6

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. જુઓ પેટા વિભાગ 31.7.1
2. જુઓ પેટા વિભાગ 31.7.2
3. જુઓ પેટા વિભાગ 31.7.3
4. જુઓ વિભાગ 31.8

## 31.11 ચાવીરૂપ શબ્દો : (Key Words)

**તેલિંગ રાજ :** મદ્રાસના તેલુગુ ભાષા બોલતા સિપાઈઓની ટુકડી, જેમની ભરતી લશ્કરમાં ક્લાઇવે કરેલી.

## કેટલાંક ઉપયોગી પુસ્તકો : (Some Useful Books)

A. R. Desai (ed.) : *Peasant Struggles in India.*

Ranjit Gupta (ed.) : *Elementary Aspects of Peasant Insurgency in Colonial India.*

R. Mukherjee : *Awadh in Revolt 1857-1858 : A Study of Popular Resistance*

S. B. Chaudhuri : *Civil Rebellion in the Indian Muslims.*

# નોંધ

# નોંધ